# અધ્યાત્મ

"केवल स्वयं को ढूँढना है, बाकी सब Google पर है"

વર્ષ : ૪૭, સપ્ટેમ્બર ૨૦૨૫ અંક : ૧૨

# ॥ નમ્રતાની માગણી ॥

મારા પ્રખર અભિમાનને તારા વારંવારના
પથ્થરી પ્રહારોથી છૂંદી નાખ ને જગતના ક્ષુદ્રમાં ક્ષુદ્ર
પ્રાણીની આગળ પણ હું પ્રેમ ને નમ્રતાથી હાથ જોડીને
ઊભો રહું એવું ભાગ્ય દે !

સંપત્તિ ને સત્તાના નશામાં હરહંમેશ ઉન્નત રહેવાને
ટેવાયેલું મારું મસ્તક તારી પવિત્ર પદરજમાં રગદોળાઈ
રહો ને હંમેશને માટે નત બનો!

કેમ કે, મેં જાણ્યું છે કે હલકામાં હલકી રજ જ આકાશમાં
ઊડી શકે છે, ને પાણી જ્યારે વરાળ બને છે,
ત્યારે જ ઊંચે ગમન કરે છે.

– શ્રીયોગેશ્વરજી
('અનંત સૂર' કાવ્ય સંગ્રહ)

॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ–ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ પ્રત્યેક ક્ષણે સાવધાન રહો ॥

પહેલાના જમાનામાં એવો નિયમ હતો. કે દરેક સાધક મઠમાં દસ વર્ષ રહી, ગુરુ પાસે વિદ્યા પ્રાપ્ત કરે. પછી તે બીજાને શીખવી શકે. તેન્નો હજી હમણાં જ ગુરુ પાસે ગયો હતો. તે ઊંડાણમાં ઝેન વિદ્યા શીખ્યો ન હતો.

એક દિવસ તેન્નો ઝેન ગુરુ નાન-ઈન પાસે ગયો. વરસાદ પડતો હતો તેથી તેણે મોટા જોડા પહેર્યા હતા. હાથમાં છત્રી પણ હતી. ગુરુના મઠ પાસે આવી તેણે જોડા અને છત્રી બહાર મૂક્યાં. અંદર દાખલ થઈ ગુરુને પ્રણામ કર્યા.

ગુરુએ કહ્યું, 'મને લાગે છે કે તેં જોડા-છત્રી બહાર પરસાળમાં મૂક્યાં છે. હવે તું મને કહે કે તેં જોડા-છત્રી ડાબી બાજુ મૂક્યાં છે કે જમણી બાજુ ?' તેન્નો ખચકાયો. તેની પાસે જવાબ ન હતો. તેં ગૂંચવાઈ ગયો, શરમાઈ ગયો. તેને ખાતરી થઈ કે પોતે પ્રત્યેક ક્ષણે જાગરૂક રહી શક્યો નથી. હરપળે ઝેન જીવી શક્યો નથી. તેથી જ જોડા-છત્રી વિશે કાંઈ જ ખ્યાલ રહ્યો નથી. બધું કાર્ય તેણે યંત્રવત્ કર્યું છે, અવધાનપૂર્વક નહિ.

તેણે ગુરુ નાન-ઈનને પગે લાગી, ક્ષમા માગી. પછી વધુ છ વર્ષ મઠમાં રહી, ક્ષણે-ક્ષણે સાવધાન રહીને બધાં કાર્યો કરવાની પદ્ધતિ સાધ્ય કરી.

કોઈપણ કાર્ય ગાફેલ રહીને નથી કરવાનું. ક્ષણ ક્ષણની જાગૃતિ ઝેનમાં અભિપ્રેત છે.

**—એક ઝેનકથા**

**સં.શ્રી નીલરત્ન દેસાઈ**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ સપ્ટેમ્બર—૨૦૨૫ ॥

'બેસો. એકાસને માત્ર બેસી રહો. એકાગ્રભાવ રાખો પરંતુ વિચારોમાં નહિ. માત્ર બેસી રહેવાથી જ સત્યનું દ્વાર ખૂલશે. મુક્તિનું દ્વાર ખૂલશે. સતત બેસી રહેવાથી ભીતરની તાકાત વધશે. ચેતન પ્રગટશે. આખુંય શરીર સ્ફૂર્તિવંત અને શક્તિશાળી લાગશે એ જાગ્રત ધ્યાન. એ જ જાગ્રત ચેતના. જાતની ઓળખાણ થશે.'

# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧ શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ ગુરુકૃપા | સૂરિ નાગમ્મા | ૧૦ |
| ૩ કઠોપનિષદ | શ્રીમધુસૂદન શાસ્ત્રી | ૧૫ |
| ૪ રમણ મહર્ષિ ને સંત જ્ઞાનેશ્વરનું દર્શન | શ્રીયોગેશ્વરજી | ૩૨ |
| ૫ ખેચરી ને આત્મજ્યોતિનો અનુભવ | " | ૪૨ |
| ૬ પૂ.શ્રી'મા'ના અનંત ઉપકારોની શૃંખલા | શ્રીમુકેશ જોશી | ૪૮ |
| ૭ સર્વશ્રેષ્ઠ 'મા' | શ્રીબીજલ ભટ્ટ | ૪૯ |
| ૮ સર્વ પર્વોને આવકારતું સ્વર્ગારોહણ તીર્થરાજ | શ્રીરથી પુરોહિત | ૫૦ |
| ૯ અવિસ્મરણીય જનોઈમહોત્સવ | શ્રીપ્રગતિ જાની | ૫૪ |
| ૧૦ ત્રણ પ્રતિભાવંત નારીરત્નો | સૌજન્ય : 'નારીકોશ'(ગુ.વિ.ટ્ર.) | ૫૯ |

## **નિવેદન** : ભીતર શાંત થાઓ

આપણા દેશમાં તાજેતરમાં પહેલગાવમાં આતંકવાદીઓએ મચાવેલો નિર્દય હત્યાકાંડ, જેમાં કેટલાય નિર્દોષો રહેંસાઈ ગયા. અને એની અનુગામી અત્યંત દર્દનાક પ્લેન દુર્ઘટના જેમાં પ્લેનમાં એકને બાદ કરતાં તમામ સળગી ગયા; ઉપરાંત મૅડિકલ હૉસ્ટેલમાં બપોરના ભોજનની થાળી સામે બેઠેલા આશાસ્પદ ડૉક્ટરો તેમજ અન્ય સહાયકો મૃત્યુ સંમુખ થઈ ગયા. આ કઠણ હોનારતોને 'વિધિવિધાનની સરજત' કહીને અવગણી શકાય એમ નથી.

પ્રકૃતિ આપણને ચેતવી રહી છે : 'ભૌતિક સુખો પાછળની આંધળી દોટ પડતી મૂકો. ભોગોની તમામ સીમાઓ વટાવી ચૂક્યા છો. હવે બસ કરો.' પ્રકૃતિ તો પોતાની શક્તિ દર્શાવી, સંતુલન કરી લે છે. પણ આપણે જાતને પ્રશ્ન પૂછવાનો છે : 'શું આપણે સંયમિત જીવન જીવી રહ્યા છીએ ? પ્રકૃતિ પાસેથી બધું આંચકી લઈ, પાછું આપવાનું ભૂલી જઈએ છીએ ? સૃષ્ટિના પાલનની જવાબદારી વિસરી કેવળ ઉપભોગને જ લક્ષ્ય બનાવી રહ્યા છીએ ? આપણાં આચાર-વિચાર આટલાં પ્રદૂષિત કેમ છે ? વિશ્વમાં ચોતરફ યુદ્ધની ભીષણતા પથરાયેલી છે. ત્યારે આપણી ભીતર ચાલતા યુદ્ધથી વાકેફ રહેવાનો સમય આવી ગયો છે. લોભ-લાલચ સામે સંતોષ, ક્રોધ સામે ક્ષમા, અહંકાર સામે વિનમ્રતાનો વિજય નહિ થાય ત્યાં સુધી આ યુદ્ધનો અંત આવવો અસંભવ !'

માનવજાતની આવી દુર્દશા દેખી, પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી જેવા સંતો 'મૌન સાધનામાં' રત રહી, સાધકોને ધ્યાન, પ્રાર્થના, મૌન, સત્સંગ જેવા સન્માર્ગો ચીંધી, શક્ય તેટલાં જળ, વાયુ, અગ્નિ, ધરતી, આકાશને સ્વચ્છ રાખી, સાદા જીવન-ઉચ્ચ વિચારથી પોતાનાં તન-મનનું શુદ્ધિકરણ કરી; પ્રકૃતિ સાથે અભિન્નતા-એકરૂપતા અનુભવવા કહે છે. પૂ.શ્રી'મા' જાણે છે કે જ્યારે પ્રકૃતિ રિસાય છે ત્યારે બહારથી જે હલચલ દેખાય છે એના કરતાંય વધારે વ્યગ્રતા, બેચેની ભીતરને હચમચાવી દે છે. છતાં આવી ભીષણ પરિસ્થિતિથી ડરી, નિષ્ક્રિય બની બેસવાને બદલે, જાગી જઈ, સાધના તરફ આપણને વળવા પ્રેરે છે.

પૂ.શ્રી'મા' એક જ સત્ય પ્રબોધે છે : 'ભીતર શાંત થશો તો બહાર પણ શાંતિ પ્રસરશે.'

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૯/૬/૮૩ થી ૩૦/૬/૮૩, ગુરુવાર. વૈશાખ વદ તેરસ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : મસુરી.**

આજથી પ્રવચનો શરૂ થયાં. જેની પત્રિકા નીચે મુજબ હતી.

देश विदेशमें ख्याति प्राप्त महात्मा श्री योगेश्वरजी द्वारा

'गीता' पर प्रवचन

श्री गांधी निवास सोसाइटी

कुलडी, मसूरी के हॉल में

बृहस्पतिवार, दि. ६ जून १९८३ से

सायं ६-३० बजे से ७-३० बजे तक होगा

समय पर पधार कर आध्यात्मिक लाभ उठायें

| प्रधान | व्यवस्थाक | मंत्री |
|---|---|---|
| रतनलाल | वेदप्रकाश गुप्ता | मदन मोहन शर्मा |

श्री गांधी निवास सोसाइटी, सरस्वती शिशु मंदिर.

પ્રવચન પહેલાં પૂ.શ્રી, રતનલાલજી સાથે ફરવા જાય છે. ગાંધી નિવાસના પગથિયાં ઉતરી પૂ.શ્રી ડાબી તરફ ચાલે છે. ત્યાં જ પરિચિત લોકો મળવા લાગ્યા.

એક મેલોઘેલો વૃદ્ધપુરુષ, હાથમાં કાવડ છે તે પૂ.શ્રીને જોઈને નમસ્કાર કરતો ઊભો રહ્યો. તો દુકાનમાંથી માલિકો બહાર આવીને મળવા લાગ્યા. પૂ.શ્રી સૌની ખબરઅંતર પૂછે

છે. ત્યાં વળી બીજા બે-ત્રણ સજ્જનો પૂ.શ્રીને મળે છે. પૂ.શ્રીએ અમારી સાથે વાતો કરતાં કહ્યું, ગુરુજી આ માર્ગને ‘મિલનઝુલનકા માર્ગ’ અથવા ‘નમસ્કાર માર્ગ’ કહેતા. જે પ્રવચનમાં નહિ મળે તે સૌ અહીં મળી લે.

પૂ.શ્રીએ મુંબઈવાળા કાન્તિભાઈને ક્યાં ઉતારવા તે સ્થાન પર બતાવ્યું. થોડી જ વારમાં કેટલીયે પરિચિત વ્યક્તિઓના પ્રસન્નતાપૂર્વકના નમસ્કાર સ્વીકારી પૂ.શ્રી બરાબર સાડા છ વાગ્યે ગાંધી નિવાસના હોલમાં આવી જાય છે.

શરૂઆતમાં ધૂન બાદ શ્રી રતનલાલજીએ આવકારમાં કહ્યું, ‘મહાત્મા શ્રીયોગેશ્વરજીના આશીર્વાદ ને પ્રબળ પુરુષાર્થથી જ આ સંસ્થા સ્થપાઈ છે ને વિકાસ પામી છે. એમણે જ આપણને અધ્યાત્મમાર્ગે વાળ્યા છે. એમનો મસૂરી સાથેનો સંબંધ ઘણો જૂનો છે. આજકાલ તેઓ વિદેશ જાય છે છતાં મસુરી આવે છે એ આપણું સદ્ભાગ્ય છે.’

પૂ.શ્રીએ હિન્દીમાં ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ ઉપર પ્રવચન આપ્યું. પ્રવચન બાદ મગફળી ને દૂધ લઈને આરામ કર્યો.

આજે બપોરે પણ ખીચડી, શાકનું ભોજન લીધું. સંસ્થાના ઉપપ્રમુખને ત્યાંથી પૂ.શ્રી માટે ગેસની સગવડ થઈ ગઈ. હવે એકાદ દિવસ બાદ ભોજન હાથે બનાવવાનું શરૂ થશે.

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

**—શ્રી‘મા’ સર્વેશ્વરી**

## ॥ ગુરુકૃપા ॥

વિજયવાડાના ગંગરાજુ મલ્લિકાર્જુન રાવ જે અવારનવાર આશ્રમની મુલાકાતે આવે છે તે ૧૨ મી એપ્રિલે પોતાનાં પત્ની અને બાળકો સાથે અહીં આવ્યા. એમને પાંચ દીકરીઓ છે. આ દીકરીઓની વચ્ચે વચ્ચે એમને પાંચ દીકરાઓ પણ હતા, જે બધા જ મરણ પામ્યા. છઠ્ઠા દીકરાનું અન્નપ્રાશન એ લોકો ભગવાનની સમક્ષ કરવા માગતા હતા.

અન્નપ્રાશનના બે દિવસ પહેલાં જ્યારે એ લોકો હજી વિજયવાડામાં જ હતા ત્યારે એ દીકરો અચાનક મરણ પામ્યો. તે જ દિવસે સાંજે નીકળીને અહીં આવવાનો એમણે નિર્ણય લીધો અને બીજા દવસે બપોરે ૩ વાગે ભગવાનની સન્નિધિમાં પહોંચી ગયા.

જાણે એ લોકોની વ્યથા વિસરાવવા, ભગવાને જ પ્રેરણા કરી હોય એમ એક ભક્તે પ્રશ્ન કર્યો : "સ્વામીજી ! એમ કહેવાય છે કે પ્રાણાયામ અને એવી બીજી વસ્તુઓથી શરીર લાંબા વખત સુધી જીવતું રાખી શકાય છે અને કેટલાક લોકો જ્ઞાની થવા માટે પણ આવી જાતનો અભ્યાસ કરતા હોય છે તે સાચું છે ? આવો અભ્યાસ કરવો તે સારું છે ?"

ભગવાને મૃદુતાથી ઉત્તર આપ્યો : "હા, એમ કરવાથી લોકો લાંબું જીવે છે, પણ કંઈ લાંબું જીવવાથી જ કોઈ આત્મજ્ઞાની બની શકે ? જ્ઞાન અથવા આત્મબોધ શું એના પર આધારિત છે કે કોણ કેટલું લાંબું જીવે છે ? શંકરાચાર્ય માત્ર ૩૨ વર્ષ જીવ્યા, માણિક્ય વાચકર ૩૨ વર્ષ, સુંદરાર્ ૧૮ વર્ષ અને જ્ઞાન સમ્બન્ધારે તો ૧૬મે વર્ષે દેહ ત્યજી દીધેલો. એ સૌ જ્ઞાની નહોતા ? ખરેખર જ્ઞાનીને પોતાના દેહ પ્રત્યે પ્રીતિ હોતી જ

નથી. જે પોતે આનંદની મૂર્તિ હોય એને માટે દેહ તો રોગ જેવો છે. એ તો દેહ છોડવાની ક્ષણની રાહ જોશે. જ્યાં સુધી એનો દેહ હોય ત્યાં સુધી એને દાંત સાફ કરવા પડે, હરવું ફરવું પડે, નાહવું પડે અને શરીરને ખોરાક આપવો પડે. ઉપરાંત બીજું ઘણુંય કરવું પડે. જો ગૂમડું થઈ જાય તો એને સાફ કરીને મલમપાટા કરવા પડે, નહિ તો સડો થાય અને વાસ મારે. એ જ રીતે જો શરીરને સાફ ન રાખીએ તો એ માંદું પડે. જ્ઞાનીને શરીર એવું જ લાગે છે જેવું કુલીને માથા પરનું વજન. એ ઇચ્છે છે કે ઠેકાણું આવે કે તરત માથા પરનું વજન ઉતારી ફેંકે. આવું હોય તો, જ્ઞાની શરીરને સાચવવા સારુ પ્રાણાયામ અને કાયાકલ્પના ઉપાય શા માટે કરે ? આ બધા ઉપાયો એ લોકો કરે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માગતા હોય. હું જ્યારે પહાડ ઉપર રહેતો હતો ત્યારે મેં એવા સિદ્ધો જોયેલા. કોઈ એમને મળવા જાય તો એને બેસાડીને એનું નામ, એના પિતા, દાદા, પરદાદાનું નામ અને ગામનું નામ પૂછવામાં આવતું. પછી એને કહેવામાં આવતું કે આ સિદ્ધ પુરુષ તમારા પરદાદાના સમયમાં તમારે ગામ આવેલા અને એમને મળેલા. આથી આશ્ચર્યચકિત થઈને અને એમ માનીને કે આવડી મોટી વયનો માણસ આજ સુધી જીવે છે અને હજી સુધી હૃષ્ટપુષ્ટ છે એ લોકો અચંબામાં પડી જતા અને એ ભોળા ગામ લોકો જતાં પહેલાં કંઈક ભેટ પણ ધરી જતા. આ બધું જનતા ઉપર પોતાની મહાનતાની ધાક જમાવવા માટે થતું. કિંતુ શું આ બધા ઉપાયોથી કોઈ આત્મજ્ઞાની થઈ શકે ?''

'યોગવાસિષ્ઠ'માં કહેવાયું છે કે શ્રીરામ તીર્થયાત્રા પર ગયેલા. ત્યાંથી પાછા આવતાં સુધીમાં એમના મનમાં એક વાત આવી ગયેલી કે આ આખો સંસાર દુ:ખનું જ કારણ છે. આથી એ એટલા વિરક્ત થઈ ગયા કે બધાં જ કામ એટલે સુધી કે ખાવાપીવાનું પણ

છોડીને અચળ થઈને બેસી ગયા. એ જ સમયગાળામાં દશરથ પાસે વિશ્વામિત્ર આવ્યા, પોતાના યજ્ઞની રક્ષા માટે રામને લઈ જવા. ત્યારે દશરથે એમને કહ્યું કે, આજકાલ રામનો વ્યવહાર તો ગાંડા જેવો થઈ ગયો છે. એમ કહીને એમના વ્યવહારની અમુક વાતો કહી. ત્યારે વિશ્વામિત્રે કહ્યું કે આ તો એવું ગાંડપણ છે જે કોઈ વિરલાને જ થાય. આવું ગાંડપણ બધાંને નથી આવતું. એમણે કહ્યું કે, હું તો સાંભળીને બહુ પ્રસન્ન થયો, તમે રામને બોલાવો મારે એને મળવું છે. રામને બોલાવ્યા, એ આવ્યા સૌને પ્રણામ કર્યા અને પછી બેસી ગયા. વિશ્વામિત્રે એમને જોયા અને એમના ઉન્માદનું કારણ પૂછ્યું. પછી વશિષ્ઠને ઉદ્દેશીને કહ્યું કે 'આપ કૃપયા રામને એ આત્મબોધનો ઉપદેશ કરો જે બ્રહ્માજીએ આપણે બેઉને કરેલો.' વશિષ્ઠે કહ્યું, 'ભલે.' જ્યારે એ રામને આ જ્ઞાનોપદેશ આપતા હતા ત્યારે ચારેકોરથી સિદ્ધપુરુષો એમને સાંભળવા આવ્યા અને પોતાના મનમાં વિચારવા માંડ્યા કે 'જુઓ, રામે કેવી નાની વયમાં આવું વિશદ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. કેવું અદ્ભુત અને આશ્ચર્યકારક છે આ ! આપણે આટલા દિવસ જીવ્યા એનો શું લાભ ?' હવે તો તમે સમજ્યા કે આ બધું શું છે ? ભગવાને પૂછ્યું.

કોઈ બીજો ભક્ત બોલ્યો, "હા, સાચું છે. કેટલાક લોકો કહે છે, અમે ૫૦ વર્ષ જીવી લીધું. હવે શું જોઈએ ? જાણે કે લાંબું જીવન જીવી લેવું તે બહુ મહાન કાર્ય હોય."

હસીને ભગવાન બોલ્યા, "હા, એવું છે. આ એક પ્રકારનો અહંકાર છે, અને એના વિશે એક કથા પણ છે : પ્રાચીન કાળમાં બ્રહ્માજીને એકવાર એવો અહંકાર થઈ ગયો કે પોતે ચિરંજીવી છે. એ વિષ્ણુ પાસે ગયા અને બોલ્યા, 'તમને ખબર

નથી કે હું કેટલો મહાન છું ? હું સૌથી વયોવૃદ્ધ ચિરંજીવ છું.' વિષ્ણુ કહે : ના, એમ નથી, એવા લોકો પણ થયા છે જે આનાથી પણ લાંબું જીવ્યા છે. ત્યારે બ્રહ્મા બોલ્યા કે ના એવું ન બની શકે, કારણ કે બ્રહ્મા જ તો આ બધા જીવિત પ્રાણીઓના સર્જક છે, ત્યારે વિષ્ણુ એમને બ્રહ્માથી પણ લાંબી આયુવાળા લોકોને દેખાડવા પોતાની સાથે લઈ ગયા."

"એ લોકો ઘણે સુધી ચાલતા રહ્યા ત્યારે એક વિશિષ્ટ સ્થળે એમને મહામુનિ રોમશ મળ્યા. વિષ્ણુએ એમને એમની આયુ પૂછી અને એમ પૂછ્યું કે, 'તમે હજી કેટલું જીવવાની આશા રાખો છો ?'"

"'ઓહો !' રોમશ મુનિ બોલ્યા, 'તમે મારું આયુષ્ય જાણવા માગો છો ? સારું, તો સાંભળો !' આ યુગ કેટલાય સહસ્ર વર્ષોનો છે. આ બધા વર્ષો જોડી દેવામાં આવે તો બ્રહ્માનો એક દિવસ અને એક રાત થાય. આ ગણત્રી પ્રમાણે બ્રહ્માનું આયુષ્ય સો વર્ષનું હોય છે. જ્યારે આવા એક બ્રહ્માનું મૃત્યુ થાય ત્યારે મારા શરીરનો એક રો (રૂવાંટું) ખરી જાય. અત્યાર સુધી થયેલાં મરણ જેટલાં મારા શરીરના રોમ ખરી ગયા છે, પણ હજી ઘણાં બાકી છે. જ્યારે મારા શરીરના બધા જ રોમ (રૂંવાટાં) ખરી જશે ત્યારે મારું જીવન સમાપ્ત થઈ જશે, અને હું મૃત્યુ પામીશ."

"આથી અત્યંત આશ્ચર્યચકિત થઈ એ લોકો અષ્ટાવક્ર મહામુનિ પાસે ગયા જે એક એવા તપસ્વી હતા જેના શરીરમાં આઠ વક્રતાઓ હતી (શરીરના આઠ અંગ વાંકાં). જ્યારે એમણે અષ્ટાવક્ર મુનિને રોમશ મુનિની બધી ગણનાઓની વાત કરી ત્યારે એ બોલ્યા કે જ્યારે રોમશ મુનિ જેવું કોઈ મૃત્યુ

પામશે ત્યારે મારા શરીરની એક વક્રતા સીધી થશે, અને જ્યારે બધી જ વક્રતાઓ સમાપ્ત થઈ જશે ત્યારે મારું મૃત્યુ થશે.''

''આ સાંભળીને બ્રહ્માજી હતોત્સાહિત થઈ ગયા. આવી અનેક કથાઓ છે. જો સાચો બોધ પ્રાપ્ત કરી લેવામાં આવે તો આ શરીર કોને જોઈએ ? એક પ્રબુદ્ધ આત્મા જે આત્માનુભૂતિને કારણે અસીમ આનંદમાં ડૂબેલો રહે છે એને માટે આ શરીરનો ભાર શા માટે ?''

ભક્તે પૂછ્યું : ''ગુરુના આશીર્વાદ વિના શું જ્ઞાન-પ્રાપ્તિ થઈ શકે ? રામ જેવા પણ જે નાનપણમાં જડ થઈ ગયેલા તે માત્ર ગુરુની સહાયથી આત્મજ્ઞાની થઈ ગયા.''

ભગવાને કહ્યું : ''હા, એમાં શું સંદેહ છે ? ગુરુકૃપા તો પરમાવશ્યક છે. એટલે જ તો વાયુમનવારે પોતાના ભજનોમાં ગુરુની પ્રશંસા કરી છે અને કહ્યું છે 'ઓહ, ગુરુદેવ ! આપની દૃષ્ટિ પડતાં જ વાઘ, બકરીની જેમ કોમળ થઈ જાય છે, સાપ, ખિસકોલી જેવો થઈ જાય છે અને એક દુષ્ટ મનુષ્ય સજ્જન થઈ જાય છે, તો ભલા, બીજું શું ન થઈ શકે ? આપની કૃપાપૂર્ણ દૃષ્ટિથી બધું જ સારું થઈ જાય છે. હું તમારી મહાનતાનું વર્ણન કેમ કરી શકું ?' એમ એણે ગાયું છે. ગુરુની કૃપા અસાધારણ વસ્તુ છે.''

આ બધી કથાઓ સાંભળીને વિજયવાડાથી આવેલા લોકોએ કહ્યું, ''અમે ભાગ્યશાળી છીએ કે ગુરુની કૃપા અમારા પર વરસી છે. આ કથાઓ સંભળાવીને ભગવાને અમને શોક મુક્ત કર્યા છે.''

**—સૂરિ નાગમ્મા**

**(શ્રી રમણાશ્રમના પત્રો)**

**ભાવાનુવાદ : છાયા, ગીતા**

# ॥ કઠોપનિષદ ॥

## (યમરાજનું મૃત્યુવિષયક તત્ત્વજ્ઞાન)

કઠોપનિષદમાં ભારતમાં હજારો વર્ષો પૂર્વે થઈ ગયેલા એક મહાન ઋષિની કથા છે. તેઓ એક યજ્ઞ-હવનની વિધિ યોજી રહ્યા હતા. યજ્ઞમાં ઉપસ્થિત સર્વને ભેટ-સોગાદથી નવાજવાનો રિવાજ હતો તેથી વિધિમાં ભાગ લેવા નિમંત્રિત બ્રાહ્મણો-વિપ્રવર્યોને ગાયોની દક્ષિણા આપવાની હતી.

આ ઋષિ અત્યંત ધનાઢ્ય હતા પણ મહા કંજૂસ હતા, એટલી હદે કૃપણ કે, આ દાન-દક્ષિણા માટે ઘરડી, માંદલી, કૃશકાય કશી કિંમત ન હતી તેવી નકામી ગાયો પસંદ કરવા કોશિશ કરી.

આ ઋષિને એક અત્યંત સંવેદનશીલ અને બુદ્ધિશાળી પુત્ર હતો. એણે વિચાર્યું કે, આવી દક્ષિણા આપવાનો કોઈ અર્થ નથી. ભેટનો હેતુ જે વ્યક્તિ તેને પ્રાપ્ત કરે છે એને પ્રસન્ન કરવાનો છે. આ ગાયો કોઈને આનંદ પમાડે તેવી ન હતી. હકીકતમાં આવી નકામી ગાયો જે મેળવે તેના માટે તે ખર્ચા અને બોજારૂપ બનવાની હતી.

શાસ્ત્રો કહે છે, દાન-દક્ષિણા જેને અપાય તે વ્યક્તિને લાયક હોવી જોઈએ. જો વ્યક્તિ પોતાનું જીવન સત્કાર્યોમાં વીતાવતી હોય તો તેના માટેની દક્ષિણા પણ સારી જ હોવી જોઈએ. અને વળતરની કોઈ અપેક્ષા વિના તે અપાવી જોઈએ. સમય, સ્થાન અને ઔચિત્ય દક્ષિણાના સંદર્ભમાં ધ્યાનમાં રખાવાં જોઈએ.

પોતાના પિતાએ જે કર્યું હતું તેનાથી તે બાળક અકળાઈ ગયો હતો. તેથી તેણે કહ્યું, 'તમે તમારા અતિથિઓને તમારી બધી જ નકામી ગાયો ધરી દીધી છે, તો મને તમે કોને ધરવાના છો ?'

પિતાજી રોષે ભરાઈ ગયા. જ્યારે છોકરાએ એ પ્રશ્નનું પુનરાવર્તન કર્યું ત્યારે તેમણે જવાબમાં કહ્યું, 'હું તને મૃત્યુના દેવ સ્વયં યમને આપી દઈશ.' અધોલોકનો અધિપતિ યમરાજ છે અને તેના દૂતનો સ્પર્શ મૃત્યુ જ નોતરે છે.

આ સાંભળતાં જ છોકરો પિતાની આજ્ઞા માથે ચઢાવે છે અને યમરાજનું ઘર શોધવા નીકળી પડે છે. એ મુકામે પહોંચે છે પણ તેને જાણ થાય છે કે, યમ તો બહાર ગયા છે. તેથી એ છોકરો તો તેના દરવાજે જ ત્રણ દિવસ સુધી પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો.

જ્યારે યમ પાછા આવ્યા ત્યારે તેમણે સાંભળ્યું કે, એક બ્રાહ્મણ ઋષિનો પુત્ર તેને દ્વારે ખાધા-પીધા વિના ત્રણ દિવસથી રાહ જોતો ઊભો છે. શાસ્ત્રો કહે છે; 'અતિથિનો સત્કાર કરવો એ આપણી ધાર્મિક ફરજ છે.' તેથી કંઈ પણ ખાધા-પીધા વિના આટલા બધા દિવસ છોકરાને રાહ જોવડાવવા બદલ યમને ભારે સંતાપ થયો. તે બહાર ગયા અને છોકરાને આવવાનું પ્રયોજન પૂછ્યું. તો તેણે કહ્યું :

'મારા પિતાજીએ મને તમને દક્ષિણારૂપે ધર્યો છે. તેથી સ્વીકૃતિ માટે હું આપની રાહ જોતો અહીં ઊભો છું.'

યમે કહ્યું 'અહીં બહાર ત્રણ દિવસ કંઈ ખાધા-પીધા વિના તારે રાહ જોવી પડી એ બદલ હું દિલગીર છું. તેં આટલું કષ્ટ વેઠ્યું છે તેથી હું તને ત્રણ વરદાન આપવા ચાહું છું. આ જીવનમાંથી કોઈપણ ત્રણ વસ્તુઓ તું માગી શકે છે.'

પહેલું વરદાન બાળકે એ માગ્યું કે, તેના પિતાજી તેના પર ક્રોધિત ન રહે અને તેના પિતાજી કંજૂસ ન રહે, જેથી જ્યારે તે જે દક્ષિણા આપે ત્યારે તે પ્રાપ્ત કરનાર વ્યક્તિની યોગ્યતાને અનુરૂપ હોય.

યમે કહ્યું, 'આને હું તારી એક જ ઇચ્છા ગણી લઈ બક્ષું છું.' અને પછી તેને બીજી ઇચ્છા જણાવવાનું કહ્યું.

બાળકે તેની બીજી ઇચ્છા યજ્ઞ વિશે, હોમવિધિ વિશેના જ્ઞાન માટે વ્યક્ત કરી. એણે કહ્યું, "યજ્ઞો કરવાના પુરસ્કારરૂપે સ્વર્ગમાં જવાય છે એવું લોકો કહે છે. એમ કેમ ? તે એને જાણવું છે."

યમે તેને કહ્યું કે, સ્થૂળ અસ્તિત્વ ધરાવતાં દરેક સ્વરૂપોમાં દરેક જીવ અન્ન કે પોષણ પર નિર્ભર છે. દરેકનું અસ્તિત્વ પોષણ પર આધારિત છે. મનુષ્યજાતિ માટેનું અનાજ વરસાદથી પાકે છે. જો વરસાદ ન હોય તો ખોરાક ન હોત. વિશેષતઃ યજ્ઞને કારણે અને સામાન્યતઃ સત્કાર્યો અને સત્કર્મોને કારણે વરસાદ આવે છે. કર્મો બધા જ અસ્તિત્વના મૂળ સ્રોત બ્રહ્મ પાસેથી આવે છે.

તેથી ક્રમ આ મુજબ છે : કર્મ, બ્રહ્મ-વૈશ્વિક અસ્તિત્વમાંથી આવે છે. કર્મમાંથી યજ્ઞ આવે છે અને યજ્ઞમાંથી વરસાદ આવે છે. આપણા સ્થૂળ શરીરોને આધાર ને આકાર આપવા વરસાદ પોષણકર્તા બને છે. આ રીતે આપણા દરેકની પાછળ રહેલી આખી સાંકળ આપણને વૈશ્વિક સત્તા સાથે બાંધે છે.

શાસ્ત્રો કહે છે કે, જે પોતાના મનના શુભાશયથી યજ્ઞ કરે છે તે તેમના બીજા જન્મ માટે સ્વર્ગમાં જાય છે. આ રીતે યમે બાળકની બીજી ઇચ્છાનો પ્રત્યુત્તર વાળ્યો. પછી યમરાજે બાળકને તેની ત્રીજી વિનંતી જણાવવા કહ્યું. અને હવે અહીંથી મૃત્યુનો ખરેખરો વિષય આરંભાય છે.

બાળક કહે છે, મૃત્યુ વિશે ઘણા ખ્યાલો પ્રવર્તે છે. કેટલાક લોકો કહે છે કે, 'મૃત્યુ એ વ્યક્તિનો સંપૂર્ણ વિનાશ છે.' બીજા

કહે છે, 'જ્યારે મૃત્યુ આવે છે ત્યારે આત્મા શરીરને ત્યજી દે છે અને તેના પાછલાં કર્મોને આધારે બીજા જન્મનું સ્વરૂપ ધારણ કરે છે.' તેથી બાળકે યમને આનું સત્ય જણાવવા કહ્યું.

યમરાજે કહ્યું, આ પ્રશ્ન બાળકને એકલાને મૂંઝવતો નથી. દુનિયાની દરેક વ્યક્તિને મૃત્યુ સમયે અને મૃત્યુ પછી શું થાય છે તેનું વિસ્મય હોય છે. ભલભલા વિદ્વાનો પણ આમાં ગોથાં ખાઈ જાય છે. એમની પાસે વિચારો અને સિદ્ધાંતો છે, પણ છતાં તેઓને કૌતુક છે. યમે બાળકને કહ્યું કે, ઘણા મહાન યોગીઓ અને પ્રખર પંડિતો પણ આ કળી શક્યા નથી. આ બધું બહુ જ જટિલ-ગૂંચવણભર્યું છે એમ કહી યમે તેને આ પૂછવાની ગડમથલમાં ન પડવા અનુરોધ કર્યો.

'આ દુનિયામાં તારે હાથી, ગાયો, આવાસ, વાહનો, જીવનની સઘળી સગવડ-સુવિધા જે કંઈ જોઈએ એ તને મળી રહેશે. જે તું માગીશ તે હાજર કરી દઈશ. તેથી આ પ્રશ્ન બાજુ પર મૂક અને કંઈક વધારે નક્કર માગ.'

બાળકે પ્રત્યુત્તરમાં જણાવ્યું "એ બધી વસ્તુઓ મને અર્પવા તૈયાર થયા એ માટે આપને ધન્યવાદ. પણ એ સંપત્તિ, વાહનો ને એ સઘળું હું મરી જઈશ ત્યારે મારી સાથે આવશે ?"

યમે કહ્યું, "ના, મને અફસોસ છે, પણ આમાંનું કંઈ કરતાં કંઈ જ્યારે તું મૃત્યુ પામીશ ત્યારે તારી સાથે આવશે નહિ."

આ બાળકને કોઈ ભૌતિક દ્રવ્ય આકર્ષી શકતું નથી એ જાણ્યા પછી યમે એને કંઈક વધારે આપવાની તૈયારીરૂપે કહ્યું, "હું તને દસ હજાર વર્ષનું આયુષ્ય અને આખી દુનિયા પરનું સર્વસત્તાધીશપણું, હજારો પત્નીઓ અને અન્ય જે કંઈ તું માગે તે આપી શકું. તારી સંમતિ વિના તને કોઈ હાથ પણ અડાડી ન શકે એવું પણ કરી શકું !"

બાળકે કહ્યું, ‘‘સરસ. પણ આ બધું ખરેખર ટકશે ક્યાં સુધી ?’’

યમરાજે પ્રામાણિકતાથી કહ્યું કે, ‘‘બધી સર્જાયેલી વસ્તુઓ છેવટે વિસર્જન પામે છે. ગીતામાં કહેવાયું છે તેમ, વિશ્વમાં મહાન પ્રલયમાં દેવો પણ મૃત્યુ પામે છે અને બ્રહ્મમાંથી એમને ફરી ફરી પુનઃ સર્જવામાં આવે છે.’’ તેથી બાળકે પૂછ્યું કે, ‘‘જે ભેટ તે માગે એ બીજા વિશ્વમાં ટકી શકશે ખરી ?’’

યમે ઉત્તર આપ્યો, ‘‘મને લાગતું નથી. જ્યારે તું શરીર ત્યજે ત્યારે એમાંનું કશું તારી સાથે આવી શકે નહિ.’’

બાળકે કહ્યું, ‘‘તેથી જો હું વધારે દીર્ઘ આયુષ્ય માગું તોય એ અસ્તિત્વનો છેવટે તો અંત જ આવવાનો છે. જેમ આજે મારે મરવાનું છે એમ જ ત્યારે મરવાનું છે. મને ક્ષમા કરો પણ તમે જે વસ્તુઓ મને અર્પવા ચાહો છો એ કશામાં મને રસ નથી. મારે તો માત્ર એટલું જ જાણવું છે કે, મનુષ્ય જ્યારે મૃત્યુ પામે છે ત્યારે ખરેખર તેનું શું થાય છે ?’’

તેથી મૃત્યુના રાજાએ બાળકને કહ્યું કે, ‘‘તે જેના વિશે ખરેખર જાણવા માગતો હતો તે તેની પોતાની જાત વિશેનું જ જ્ઞાન હતું. તું જેને પહોંચવા માગે છે તે આત્મા છે અને આત્મા જ મૃત્યુ પછી રહે છે.’’

‘‘એ જ્ઞાન વ્યાખ્યાનોના શ્રવણથી કે ગ્રંથો વાંચવાથી તને મળી શકે નહિ. એ જ્ઞાન શબ્દો થકી નહિ પમાય. એ જાણવા તારે અનુભવ કરવો પડશે પછી જ તને પૂર્ણ પ્રતીતિ થશે. મૃત્યુને પાર શું છે એ અનુભૂતિ દ્વારા પામવા તારે તારા આત્મામાં ભીતર ઊંડા જવું પડશે. ધ્યાનમાં એ સત્યનો તને સાક્ષાત્કાર થશે.’’

‘‘તારે ધ્યાનનો સતત પ્રયત્ન કરવો પડશે અને જ્યારે તું

ભીતર ઊંડો ઊતરશે ત્યારે એક એવા અવકાશમાં પહોંચશે જ્યાં તને બધું સંપૂર્ણ પારદર્શક સ્પષ્ટ થઈ જશે કે, તું સ્થૂળ શરીર, મન, અહંકાર કે બીજું કંઈ છો કે નહિ ? એવું કંઈક તમે જ જાણો છો પણ તમે જે જાણો છો પણ તમે હંમેશાં તેનાથી સાવધાન નથી તે શું છે ?''

"ભીતર ઊંડે ઊતરતાં તને અનુભૂતિ થશે અને તારું મન તે જ્ઞાન વિશે શંકા નહિ કરે, સંશય નહિ કરે. જો એ જ્ઞાન તને શાબ્દિક રીતે આપવામાં આવ્યું હોત તો તને શંકાઓ અને પ્રશ્નો રહેત કેમ કે, એ તારા પોતાના અનુભવ પર આધારિત ન હોત. પણ જો તું તારી ભીતર વધારે ઊંડે જાય તો એ તારી પાસે અંતિમ પ્રમાણ તરીકે આવે.'' જો તમે કોઈ સ્થાન શું છે તે જાણવા માંગતા હો અને તમે સ્વયં ત્યાં જાઓ તો જેવા તમે પ્રવેશો કે, તેનો અનુભવ કરો છો ત્યારે જ તમે સ્પષ્ટ જાણો છો કે, તે કેવું છે. પછી તમને તે વિશે શંકા નથી રહેતી. એ જ રીતે તમારા આત્મા વિશેનું જ્ઞાન તમે સ્વયં સફર કરી, ભીતર અવલોકન કરી, તમે પોતાના અનુભવથી જ સર્વોત્તમ રીતે પ્રાપ્ત કરી શકો.

ઈશ્વર વિશેની સંકલ્પના દરેક વ્યક્તિના હૃદયમાં હોય છે. એ દરેકના અંતરમાં બિરાજમાન છે. જેવી રીતે એક વાહનચાલક વાહનને નિયંત્રિત રાખે છે એ જ રીતે આપણા સર્વના અંતરમાં એ અધિષ્ઠિત રહી આપણી સઘળી પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે.

ઈશ્વર એ છે જે સર્વકાલીન છે. ઈશ્વર અજન્મા છે, એને નિશ્ચિત આયુષ્ય નથી અને એ અ-મૃત છે. જે સર્વકાલીન છે અને કાલાતીત પણ છે. એવા ઈશ્વરની શરણાગતિ સ્વીકારો અને શરણે જાઓ તો તમારા આત્માની ભીતરથી જ જ્ઞાન પ્રકાશશે.

તમારો સાચો આત્મા પણ ક્યારેય જન્મતો નથી અને ક્યારેય મરતો નથી. તે કોઈ પણ પ્રકારના આયુધથી-શસ્ત્રથી હણાતો નથી. જળ તેને ભીંજવી શકતું નથી. આગ તેને બાળી શકતી નથી. પવન તેને સૂકવી શકતો નથી. આત્મા નથી જન્મ લેતો, નથી મરતો. એ જન્મ અને મૃત્યુથી પર છે અને હંમેશ-નિત્ય એક જ અવસ્થામાં રહે છે.

જેમણે સત્ય પેખ્યું છે તે જાણે છે કે, જે કંઈ સત્ છે તે શાશ્વત-સનાતન છે. જેનું અસ્તિત્વ છે તેનો ક્ષય કદી થઈ શકે નહિ. કેવળ દૃશ્યો જ રૂપાંતરિત થાય છે. આ પૃથ્વીના બધા દૃશ્યમાન પદાર્થો મનના રૂપાંતરો છે. તેઓ આવે ને જાય, દેખાય અને અદૃશ્ય થાય. નદીની સપાટી પરનાં વર્તુળો અને વમળોની જેમ જ્યારે શ્વેત કાદવથી ખરડાય છે ત્યારે કાદવ તેને મલિન કરતું દેખાય પણ એની નીચેની શ્વેતતા અકબંધ રહે છે એની જેમ જ્યારે લાકડું બળે છે ત્યારે તેનું દ્રવ્ય ધૂમ્ર-રાખમાં ફેરવાઈ જાય છે પણ એનો વિનાશ થતો નથી, કેવળ સ્વરૂપાંતર થાય છે. સમષ્ટિનો પ્રત્યેક પદાર્થ સતત રૂપાંતરને વશ વર્તે છે પણ હકીકતમાં કશું નથી પેદા થતું, નથી નાશ પામતું. કેવળ સ્વરૂપ બદલાય છે એટલું જ.

તમારો આત્મા એ જળબિંદુ સમાન છે અને ઈશ્વર સમુદ્ર સમાન છે. આત્મા પરમાત્મામાંથી આવ્યો છે અને જે રીતે પરમાત્મા શાશ્વત છે તેમ આત્મા પણ શાશ્વત છે એનો કદી નાશ નથી.

જ્યારે સાગરમાંથી પાણીનું ટીપું અલગ કરી એને કોઈ નાના પાત્રમાં બંધ કરવામાં આવે તો પાણી એ જ રહે છે જેમ તે સાગરમાં હતું. આત્મા પર માયાનો પ્રભાવ પાણી પરના પાત્રના પ્રભાવ જેવો જ છે. દેખીતી વિભક્તતા છે, પણ મૂળભૂત દ્રવ્ય જેમનું તેમ (અકબંધ) છે.

જ્યારે ઈશ્વરના અનંત સાગરમાંથી આત્મા વિભક્ત કરવામાં આવે છે, ત્યારે એક ભ્રમ ઊભો થાય છે. અને આ ભ્રમનિરસન એટલું અઘરું છે કે, એ એક પ્રકારની વાસ્તવિકતા બની જાય છે. આપણે એવું માનવા લાગીએ છીએ કે આ પરિમાણના ચોક્કસ માળખામાં આપણે જકડાઈ ગયા છીએ. ઈશ્વરના સાગરમાંથી વિભક્ત થયા પછીનો આ ભ્રમ આપણામાં ઉદ્‌ભવ્યો છે. વિભાજનની અવસ્થામાં આત્મા વ્યગ્ર છે, બેચેન છે. એ ભ્રમણાની ગાંઠોમાં બંધાઈ જાય છે અને મુક્ત થવા ફાંફાં મારે છે.

જ્યારે જગત એના પ્રગટ સ્વરૂપમાં હોય છે ત્યારે એ 'ઊર્ધ્વમૂલ વૃક્ષ' તરીકે વર્ણવી શકાય. સર્જક પરમાત્મા (બ્રહ્મ)માં જેના મૂળ ઊંડાં ખૂંપી ગયા છે એ વૃક્ષ જેવા છે. બધાં જ પર્ણો અને ડાળીઓ અધોમુખી છે. ઊંચી શાખાઓ દેવોની દુનિયા સાથે સંલગ્ન છે અને નીચી શાખાઓ મનુષ્યજગત સાથે સંબંધિત છે. સઘળી શાખાઓ રૂપાંતરના ત્રણ ગુણોથી રચાઈ છે. જે માયા-પ્રગટ વિશ્વમાં સત્ત્વ, રજસ્ અને તમસ્‌નું રૂપ ધારણ કરે છે. આ માયા સાથે તદ્‌રૂપ થઈને આપણે દુનિયામાં અટવાઈ જઈએ છીએ. પ્રારંભમાં આ વિશ્વ કેવું હતું અને અંતે કેવું હશે એ કોઈ વર્ણવી શકે નહિ. બહુ બહુ તો એટલું કહી શકાય કે, એ અત્યંત સ્થિર અને અતિ શાંતિપૂર્ણ છે.

જ્યારે ઈશ્વર વિચારવાનું શરૂ કરે છે, તેનાં બળ અને શક્તિ સક્રિય બને છે ત્યારે નાદ જેવાં સ્પંદનોની હારમાળા સર્જાય છે. એ નાદમાંથી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકારની આઠ કક્ષાઓ ઉદ્‌ભવે છે. જેમાં આપણે પ્રકૃતિનો સંસ્પર્શ અનુભવીએ છીએ. આ કક્ષાઓ તેમના મુખ્ય ગુણલક્ષણોને આધારે ઓળખાઈ છે. જેમકે, 'પૃથ્વી' એટલે સઘળા નક્કર અને ભૌતિક દ્રવ્યો. 'જળ' એટલે પ્રવાહી તેમજ

રૂપાંતરક્ષમતા. 'અગ્નિ' એટલે સઘળી ઉષ્ણતાઃ આણ્વિક કે રાસાયણિક ઊર્જા. 'વાયુ' એટલે કે સામાન્યતઃ ગતિ કે હલનચલન. 'આકાશ' જેમાં હલચલ ન થઈ શકે એવા સમય અને કદની અખંડિતતાને નિર્દેશે છે. 'મન' એટલે કે, જેમાં સમગ્રલક્ષી સંવેદનશીલતા કેન્દ્રમાં છે એવા પદાર્થોની પાંચ મુખ્ય લાક્ષણિકતાઓની માહિતી રજૂ કરનાર સઘળી સ્થૂળ ઇન્દ્રિયોના સંપુટની વ્યવસ્થા. 'બુદ્ધિ' એટલે સામાન્યતઃ માહિતીક્ષેત્ર પર હકૂમત, તાર્કિકીકરણ અને મૂલ્યાંકન કરનાર વિચાર. 'અહંકાર' એટલે પોતાની વ્યક્તિમત્તાની વૃત્તિ, 'હું' શરીર તેમજ મન સાથેનો એકમ છું તેમજ જે કંઈ ઘટે છે તે કાર્યોનો હું કર્તા છું એવો ખ્યાલ. આપણે સગવડ ખાતર આ કક્ષાઓને કાવ્યાત્મક રીતે 'પૃથ્વી, જળ, અગ્નિ' વગેરે તરીકે ઓળખીએ છીએ.

આત્મા અથવા આત્મન, ઈશ્વરની જ્યોતનો તેજ-તણખો છે, સંપૂર્ણ શુદ્ધ છે પણ માયાની અસર હેઠળ તે પોતાનું સાચું સ્વરૂપ વિસરી જાય છે અને પ્રકૃતિનાં આ આઠ તત્ત્વોના વિવિધ અંશો સાથે એ તદાકારતા અનુભવવા માંડે છે. જ્યારે તે અહંકારના ભાવ સાથે આસક્ત થાય છે ત્યારે પ્રવર્તમાન વિવિધ કાર્યોનો કર્તા અહંકાર છે એવો વિચાર ઉદ્ભવે છે.

જેમ તમે નવો વ્યવસાય શરૂ કરો છો ત્યારે પહેલે દિવસે તમારા માટે કામ પૂરતું નથી હોતું. પણ સમય વીત્યે કામનો બોજો એવો વધતો જાય છે કે તમે તેને પહોંચી વળતા નથી. એ જ રીતે કર્મોનો બોજો વધતો જાય છે અને જેમ તેમ સમય જાય છે તેમ એનો ભાર વધતો જ જાય છે. વ્યક્તિનો સ્વૈચ્છિક કાર્યોનો સરવાળો તેનાં કર્મ છે, તેની પ્રવૃત્તિઓ છે, જેણે તેને મહત્ત્વાકાંક્ષી, ક્રોધી, વેદિયો, દયનીય (લાચાર), ક્ષુધાર્ત અને ભયભીત તે જે કંઈ છે, તે બનાવ્યો છે.

આ કર્મો એક જન્મથી બીજા જન્મ સુધી ચાલ્યા જ કરે છે. કર્મોનાં પરિણામો આત્મા સાથે ભવિષ્યના જન્મોમાં જાય છે, બીજું બધું પાછળ રહી જાય છે. વ્યક્તિનો આત્મા શુદ્ધ રહે છે પરંતુ માયામાં અટવાવાને લીધે એવું લાગે છે કે જાણે તે કર્મથી ખરડાઈ ગયો છે જેમ શ્વેત વસ્ત્ર પર કાદવ. માયાના કારાગારમાં પૂરાયેલો તે પીંજરામાં પક્ષી કે પ્રાણી જેવો થઈ જાય છે. માયા આમ તો ઈશ્વરની જ શક્તિ છે. પણ માયાનાં ક્ષણભંગુર સ્વરૂપોને વળગી પડવાની કે આસક્ત થઈ જવાની ટેવ જ મુશ્કેલી ઊભી કરે છે.

આત્મા સદા સ્ફૂર્ત અને સૂક્ષ્મ છે જેને કેટલાક ‘આસમાની’ કહે છે. જ્યારે શરીર કંઈક સ્થૂળ અને સાપેક્ષ રીતે સ્થિર છે. માયા સાથેના મિથ્યા તાદાત્મ્યની અસર હેઠળ આત્મા અને શરીર-મન એકમેકમાં ગૂંચવાઈ જાય છે. ત્યારે ગાંઠ દૃઢ થઈ જાય છે ત્યારે આત્મા દુન્યવી (પાર્થિવ) બની જાય છે એમ કહેવાય. અને તેનાં કર્મો સંચિત થવા માંડે છે. દરેક કર્મના સ્વાભાવિક પરિણામો ઊભાં થાય છે. જેમાંના કેટલાંક તુરંત દેખા દે છે. કેટલાકમાં ભવિષ્યમાં પોતાને પ્રગટ કરનારાં કર્મોની સંભવિતતા કે બીજ બંધાય છે.

આ કર્મો ઇચ્છાઓ-વાસનાઓ ઊભી કરે છે અને આ વાસનાઓ ટેવો સંસ્કારોનો વર્તનની પ્રણાલીઓનો પાયો સર્જે છે. કોઈ અઢળક દ્રવ્ય કમાવા ચાહે છે તો કોઈ લાખોપતિ થવા ચાહે છે. પુરુષ સ્ત્રીને ઝંખે છે તો સ્ત્રી પુરુષને ઝંખે છે. લોકો મોભો, સામાજિક મહત્તા અને સત્તા માટે તલસે છે. એમને દીર્ઘાયુષ્ય અને ઉત્તેજના જોઈએ છે. જ્યારે આશાઓ નિરાશામાં પરિણમે છે ત્યારે વ્યગ્રતા અને રોષ વધે છે. ઇચ્છાઓ જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ વ્યગ્રતા વધે છે અને ક્રોધ સાતમા

આસમાને પહોંચે છે. અને જેવો ક્રોધ પરિસીમાએ પહોંચે કે, તે બુદ્ધિને ભ્રષ્ટ કરવાનું શરૂ કરી દે છે. અને વ્યક્તિના પતનની ઘડીઓ ગણાય છે. પ્રત્યેક જન્મે વ્યક્તિની આયુષ્ય મર્યાદા તેમજ જે સુખ દુઃખ તેને વેઠવાનાં છે તે અગાઉ બંધાયેલા તેના સંસ્કારો જ બહુધા નિશ્ચિત કરી દેતા હોય છે.

છતાં દરેક વ્યક્તિ એવી રીતે જીવન જીવે છે કે, જાણે તેનો અંત કદી આવવાનો જ ન હોય અને સમગ્ર જીવન વિવિધ સ્વાર્થ સાધવામાં રચ્યોપચ્યો રહે છે. નવજાત શિશુ બાળકમાં ફેરવાય છે, બાળક યુવાન અને પુખ્ત બને છે. પુખ્ત પ્રૌઢ બને છે અને છેવટે વૃદ્ધ થઈ અવસાન પામે છે. તે સતત રૂપાંતરોમાંથી પસાર થાય છે અને માયામાં અટવાયો હોવાને કારણે તે તેના સ્વાર્થી કાવાદાવા સાથે નિસ્બત રાખે છે અને મૃત્યુ બારણાંની બહાર જ હંમેશ ઊભું છે એ હકીકતની અવજ્ઞા કરે છે.

આમ દરેક વ્યક્તિને તેનાં પોતાનાં કર્મો અને સંસ્કારો હોય છે. કર્મો પ્રમાણે જ વ્યક્તિનું બંધારણ હોય છે. સ્વભાવ, બુદ્ધિ, રસરુચિ તેમજ સઘળી અલગ-અલગ વ્યક્તિગત લાક્ષણિકતાઓમાં તે અન્યથી અલગ વરતાય છે. પણ જેમ કોઈ ખટારાનો ચાલક ખટારાથી અલગ છે તેમજ ખટારાના માલસામાનથી પણ અલગ છે તેમ આ શરીર-મનનો આત્મા શરીર-મનથી અલગ છે અને કર્મના ભારથી વ્યક્તિત્વ તેમજ તેની સાથે સંકળાયેલી ટેવોથી અલગ છે.

આ શરીર તો ભાડે રાખેલા મકાન કે ઘર જેવું છે. થોડોક સમય આપણે એમાં રહી જઈએ છીએ અને પછી તેને ત્યજી જતા રહીએ છીએ. ડાહ્યા માણસો તે જાણે છે અને સમજે છે પણ

મૂર્ખજનો પોતાને શરીર-મન જ સમજી એની સાથે સંપૂર્ણ તદાકાર થઈ જાય છે. આજે વ્યક્તિ વધારેમાં વધારે ૧૦૦ વર્ષ કે તેથી સહેજ વધારે કે ઓછું જીવે છતાં મૂર્ખાઓ પોતે અમર હોવાનો આડંબર કરે છે અને પોતાનાં ક્ષુદ્ર કર્મો અને વાસનાઓમાં ખૂંપેલા રહી યમરાજના દૂતોના આગમનને અવગણે છે.

શરીર-મનની આ વ્યવસ્થાના વિભિન્ન વિભાગો છે. મન અને શરીરની સ્થૂળ ક્રિયાઓ વચ્ચેનો સંબંધ-જોડાણ ઈન્દ્રિયો અથવા શાસનકર્તા કહેવાય છે. ('ઈન્દ્ર' એટલે દેવોના રાજા અથવા શાસનકર્તા) સંવેદનાના પાંચ અવયવો દ્વારા કાર્યાન્વિત પાંચ જ્ઞાનેન્દ્રિયો છે, જે ઊર્જાના સ્પંદનોની કાચી સામગ્રીને આંખ, કાન, ત્વચા, મુખ અને નાક દ્વારા દશ્યો, નાદો, સ્પર્શ, સંવેદનો, સ્વાદો તેમજ સુગંધો જે આપણે મનઃપ્રદેશમાં અવલોકીએ છીએ તેમાં રૂપાંતરિત કરે છે.

બહારના વિશ્વ સાથે સંબંધિત શરીરની સ્થૂળ ક્રિયાઓની વિવિધ તરેહોનું નિયમન કરતી પાંચ કર્મેન્દ્રિયો પણ છે. એ હાથ, પગ, મુખ, જનેન્દ્રિય તેમજ ઉત્સર્ગતંત્ર સાથે સંબંધિત છે. (આ મૂળ મુદ્દાનું સ્પષ્ટ સરલીકૃત વર્ણન છે) આ દસ તત્ત્વો દ્વારા મન બહિર્વિશ્વ સાથે કામ કરે છે. જ્યારે મનની વ્યવસ્થા તેની સાથે સંકળાય છે, સમગ્ર તંત્ર ક્રિયાશીલ બને છે.

આ ઉપરાંત પાંચ પ્રાણ કે વાયુ છે એ વિવિધ શારીરિક ક્રિયાઓ સાથે સંબંધિત સૂક્ષ્મ ઊર્જાઓનું વહન કરે છે. પ્રાણવાયુ હૃદયપ્રદેશમાં સંચરે છે અને સમગ્ર શરીરના રક્તાભિસરણનું નિયમન કરે છે. અપાન ઉત્સર્ગકેન્દ્રમાંથી ક્રિયાન્વિત બને છે અને શરીરના સઘળા બગાડનું વિસર્જન કરે છે. સમાન નાભિમાં કેન્દ્રિત થાય છે અને પ્રવાહીઓની ગતિ અને દબાણનું નિયંત્રણ

કરે છે જેથી તમામ અવયવો (અંગો) પ્રવાહીઓના યોગ્ય પ્રમાણ સાથે ક્રિયાશીલ રહી શકે. ઉદાન ગળાના પ્રદેશમાં પ્રવૃત્ત થઈ પોષણના એકીકરણની પ્રક્રિયાનું નિદર્શન કરે છે. વ્યાન મસ્તિષ્કમાં કેન્દ્રિત છે છતાં સમગ્ર શરીરમાં તેનું સંચાલન છે, જે અન્ય સર્વ આંતરિક વ્યવસ્થાઓની કામગીરીનું સંચાલન કરે છે.

મૃત્યુ પછી પણ વ્યાન તો શરીરમાં ક્રિયાશીલ રહે છે. જો મૃત વ્યક્તિની દાઢી કરવામાં આવે તો બે-ત્રણ દિવસ સુધી તેના વાળ ઊગવાનું ચાલુ રહેતા તમે જોઈ શકો. આ બધા વાયુ છે, જે સ્વાયત્ત શારીરિક ક્રિયાઓમાં સંચારિત થાય છે અને ઈન્દ્રિયો તથા મન સાથે મળીને તેને ક્રિયાશીલ રાખે છે.

પ્રાણવાયુના નિશ્ચિત અર્થમાં નહિ, પણ સામાન્ય ઊર્જાઓના સંદર્ભમાં જેને 'પ્રાણ' કહીએ છીએ, તેના વિના આંખો ખુલ્લી હોવા છતાં કંઈ જ જોઈ શકાતું નથી. કાન સાબૂત હોય પણ પ્રાણ વિના કશું જ સાંભળી શકાતું નથી. એ જ રીતે જો પ્રાણનો સંચાર ન હોય તો તમે સૂંઘી શકતા નથી, આસ્વાદી શકતા નથી કે સ્પર્શની સંવેદના અનુભવી શકતા નથી. આ સર્વ મન સાથે સંબંધિત છે અને મનની ક્રિયાશીલતા વગર એ કાર્ય કરતા નથી.

તમામ ઊર્જાઓને એક માધ્યમમાં કેન્દ્રિત તેમજ લક્ષ્ય કરી શકાય જેથી વ્યવસ્થાને કાર્યરત રાખવા પૂરતી તે પર્યાપ્ત હોય અને તેમ છતાં મનની જાગૃતિના દાયરામાં આવતાં અન્ય કાર્યોમાં સભાનતા લાવવા તે પર્યાપ્ત ન હોય. દાખલા તરીકે કોઈ વ્યક્તિ કશુંક વાંચવામાં એટલી બધી એકલીન થઈ જાય કે એના ખંડમાં થતી બીજા લોકોની અવરજવરનું તેને ભાન ન રહે અથવા તો કોઈ વ્યક્તિ સંગીત સાંભળવામાં એવી તો તલ્લીન થઈ જાય કે, એને કોઈ નામ દઈને બોલાવે તો પણ તે સાંભળી શકે નહિ. આ ધ્યાનનું કેન્દ્રીકરણ શરીર-મનની વ્યવસ્થાના જે તે ભાગમાં પ્રાણ ઊર્જાની

એકાગ્રતા સાથે સમન્વિત હોય છે, સહચારી હોય છે.

મન, બુદ્ધિ અને અહંકારના સંસ્કાર જ્યારે આત્મા શરીરને ત્યાગે છે ત્યારે એની સાથે જ જાય છે, અને બાકીનું બધું પાછળ રહી જાય છે. જેમ પવન ફૂલોની સુગંધને લઈ જાય છે એ જ રીતે સાથે થાય છે. બાકીનું જીર્ણજર્જરિત વસ્ત્રોની જેમ પાછળ રહી જાય છે. શરીર જ્યારે વૃદ્ધ તેમજ ક્ષીણ થઈ જાય છે અથવા કોઈ આઘાતથી ઈજાગ્રસ્ત થઈ કામ કરવા તદ્દન અશક્તિમાન-અસમર્થ બને છે ત્યારે આત્મા એને જૂનાં વસ્ત્રોની જોડની જેમ ફગાવી દે છે અને નવું શરીર ધારણ કરી લે છે. વ્યક્તિ ગમે તેટલી પ્રિય હોય તો પણ તેના મૃતદેહની કોઈ ઝાઝી દરકાર કરતું નથી. તેઓ તેને દફનાવી દે છે કે બાળી નાખે છે અને પાર્થિવ દ્રવ્યોને પ્રકૃતિમાં ભળી જવા કે ઓગળી જવા દેવાય છે. આત્મા પણ જૂના શરીરની પછી દરકાર કરતો નથી. જેમ કે ખટારાનો ચાલક પોતાનો માલ ઉતારી તેને ભૂલી જાય છે અને બીજું કામ હાથ ધરે છે તેમ...

જ્યારે મૃત્યુની વેળા આવી પહોંચે છે ત્યારે શરીર અને આત્માને સાથે રાખવા કોઈ કીમિયો કામ આવતો નથી. પ્રમાણ વધારવા છતાં, તીવ્રતાની માત્રામાં વધારો કરવા છતાં કોઈ દવા તેમજ ઔષધ કારગત નીવડતાં નથી.

જ્યારે રાષ્ટ્રપતિ દેશમાંથી બહાર જાય ત્યારે તેમને વિદાય આપવા સર્વ સત્તાધીશો એકત્રિત થાય તેમજ મૃત્યુના બિછાને પડેલી વ્યક્તિની આજુબાજુ તેનાં કુટુંબીજનો અને મિત્રો વીંટળાઈ વળે તેમ શરીર-મનની ઊર્જાઓ એક અનન્ય બળરૂપે કેન્દ્રિત થાય છે.

મૃત્યુ સાવ સંનિકટ હોય એવા સમયે મૃત્યુ પામતો મનુષ્ય

ફરી એકવાર સંપૂર્ણ સામાન્ય સ્થિતિમાં દેખાય છે. ક્ષણભર તો એનાં રોગનાં બધા ચિહ્નો તેમજ તેની સર્વ શારીરિક સમસ્યાઓ અદશ્ય થઈ જતાં લાગે છે. પછી ઝડપથી સતત શ્વાસોચ્છ્વાસ શરૂ થઈ જાય છે. શ્વાસોચ્છ્વાસ એના નિયંત્રણમાં ન રહેતાં આપમેળે કામ કરવા માંડે છે. એ પછી દષ્ટિની શક્તિ સામાન્ય પ્રાણ સાથે સંયોજાઈ હૃદયપ્રદેશમાં પહોંચે છે. એ સમયે તેની આંખો ખુલ્લી હોવા છતાં તે કશું જોઈ શકતો નથી. આજુબાજુના લોકો તે જોઈ શકે છે કે કેમ તે વિશે પૂછે તો તેનો જવાબ એ જ રહે છે કે તે કશું જોઈ શકતો નથી. એ પછી શ્રવણશક્તિ પ્રાણશક્તિ સાથે સંયોજાઈ હૃદયપ્રદેશમાં આવી જાય છે અને હવે તેને કંઈ પણ કહેવામાં આવે તો તે સાંભળી શકતો નથી. એ પછી ગંધ અને સ્વાદ અને છેવટે સ્પર્શ બધું ઈન્દ્રિયોમાં સમેટાઈ જાય છે પરિણામે તેની બહાર શું બની રહ્યું છે તેની સાથે એનો કોઈ જ સંપર્ક રહેતો નથી.

એ પછી એનાં મનોચક્ષુ સમક્ષ તેના આયુષ્યભરનાં તમામ કર્મો દેખાય છે. તે પોતાના બધાં કાર્યો તેમજ તેનાં પરિણામોને જુએ છે અને પ્રતીતિ કરે છે કે, તેને પોતાને એનાં પરિણામો ભોગવવાં જ પડશે. કેટલાક લોકોને આ પ્રતીકાત્મક સ્વરૂપે દેખાય છે જાણે રાક્ષસો પીછો કરતા હોય અને પ્રહાર કરતા હોય ! તેઓ એટલા ભયભીત થઈ જાય છે. કેટલાકના સંદર્ભમાં આ સ્થિતિ લાંબો સમય રહે છે તેઓ રડે છે-કકળે છે પણ તુલસીદાસે કહ્યું છે તેમ, એનો કોઈ અર્થ નથી, કર્મનું બંધારણ તો થઈ ચૂક્યું છે. તમને અમૂલ્ય માનવદેહ પ્રાપ્ત થયો હતો પણ અન્યને સહાય કરવા તેનો ઉપયોગ કરવાને બદલે, સત્કાર્યો કરી, ઈશ્વરની તલાશ કરવાને બદલે તમે નુકશાનકારક અને સ્વાર્થી હેતુઓ પાછળ તમારો સમય વેડફ્યો એટલે મૃત્યુ પછીના પસ્તાવાથી કશું વળશે નહિ.

મૃત્યુના અવસરે તમારા પ્રિયજનો, મિત્રો, સગાંવહાલાં તમારી આજુબાજુ વીંટળાઈ જશે પણ કોઈ તમને મરતાં રોકી નહિ શકે. એ સમયે કોઈ તમારી સાથે આવી નહિ શકે. ન તમારી કોઈ મિલ્કત કે સામાજિક મોભો કે દુન્યવી શક્તિ તમારી સાથે આવશે કે એમાંનું કશું તમને સહાય કરશે. તમારા વિચારોને ઈશ્વરાભિમુખ કરવા સિવાય પછી કશું જ કરવાનું રહેતું નથી. જેમની સત્તા સદા અક્ષુણ્ણ રહે છે એવા મહાન સામ્રાજ્યો ધરાવતા મહાન સમ્રાટો, દસ માથાની મનઃશક્તિ ધરાવતા રાવણ જેવા મહાન રાજવીઓ, હજારો માનવીઓની તાકાત ધરાવતા મહાનાયકો આ સર્વ ખાલી હાથે એકલા મૃત્યુને વર્યા છે. તેમના અહંકારની આસક્તિને કારણે તેઓ ઘણા હાનિકારક અને દુષ્કૃત્યો આચરવા પ્રેરાયા છે. બધી જ સંપત્તિના પોતે અધિપતિ છે એવા ખ્યાલને કારણે તેમની લાલસા ઉત્તરોત્તર વધતી જ ગઈ છે. અભિમાનને કારણે પદ, પ્રતિષ્ઠા, સત્તા અને દ્રવ્ય એકઠાં કરવા લલચાયા છે. 'મારે ધનવાન થવું છે.' 'મારે પ્રખ્યાત થવું છે.' 'હું જાતીય સુખ, સત્તા અને સંપત્તિ ચાહું છું.' આવા ખ્યાલોથી ધકેલાઈ તેઓ એવું કંઈક આચરી બેસે છે જેનાથી અન્યની સાથે-સાથે તે પોતાને પણ પીડા પહોંચાડે છે પરંતુ અત્યારે મૃત્યુની વેળાએ એમાંનું કશું તેમની પાસે ફરકતું નથી. માત્ર એમણે કરેલાં કર્મોનાં ફળ જ તેમની સાથે રહે છે.

મૃત્યુવેળાએ અત્યારનાં-હાલનાં જ નહિ, કંઈ કેટલાય જન્મોનાં કર્મોનું એને દર્શન થાય છે. જાણે એ દૂરદર્શન કરતો હોય તેમ જે હજી પરિપક્વ નથી થયાં એવાં કર્મોનાં સઘળાં બીજ તે નિહાળે છે. આ તબક્કે એને કોઈ પણ બાહ્ય તત્ત્વની સુધ હોઈ શકતી નથી. એના મિત્રોમાંનુ કોઈ કરતાં કોઈ એને મદદ કરવા

પહોંચી શકતું નથી. અને એ સંપૂર્ણપણે પોતાનામાં જ ગરકાવ થઈ જાય છે. જેમણે પોતાના જીવનકાળ દરમ્યાન સત્કર્મો કર્યાં હોય છે તેઓ પ્રસન્નતાથી ચિત્રો નિહાળે છે. તમે તેમના ચહેરા પર શાંતિની આભા જોઈ શકો. કેટલાક તો સ્મિત કરતા, ગીત ગાતા પણ દેખાય.

ઈશ્વર કહે છે કે, મૃત્યુની પળે જો એનું સ્મરણ થઈ શકે તો વ્યક્તિના ભૂતકાળનાં સારાં-નરસાં તમામ કર્મોમાંથી છૂટકારો થઈ જાય છે અને તે સીધો ઈશ્વર તરફ જાય છે. પણ એ સમયે પણ જો તે ઈશ્વરનું સ્મરણ ન કરી શકે તો મૃત્યુ સમયનાં પ્રબળ વલણો, લાગણીઓ અને સંવેદનાઓ તેના પછીના પુનર્જન્મનું સ્વરૂપ નિર્ણિત કરે છે. એ પોતાનાં અધૂરાં રહી ગયેલાં, ક્ષય નહિ પામેલાં કર્મોનો અહેવાલ નિહાળતો હોવાથી, કેટલાક જન્મોમાં સૌથી મોખરે રહેલાં કર્મોનો પ્રકાર તેના બીજા જન્મનું સ્વરૂપ નક્કી કરશે.

જેમનાં કર્મો મુખ્યત્વે શુભ રહ્યાં હોય છે તેઓ જેને 'ઉત્તરાયણ' કહે છે એ ઉત્તરના માર્ગે શરીરનો ત્યાગ કરે છે. જેમનાં કર્મો મુખ્યત્વે ખરાબ રહ્યાં હોય છે તેઓ જેને 'દક્ષિણાયન' કહે છે એ દક્ષિણના માર્ગે શરીરનો ત્યાગ કરે છે.

ઉત્તરાયણ પછી વિવિધ સ્વર્ગોમાં અથવા ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો અવસર મળે એવા માનવો વચ્ચે મનોવાંછિત પુનર્જન્મ મળે છે. પણ દક્ષિણાયન પછી નિમ્ન કોટિમાં અથવા એવા માનવો વચ્ચે પુનર્જન્મ થાય છે જેમાં સાક્ષાત્કારની તક નથી હોતી કે નહિવત્ હોય છે. દરેક કિસ્સામાં ચોક્કસ પ્રકારનો પુનર્જન્મ એનાં કર્મો નક્કી કરે છે. આ ઋષિપુત્રના છેલ્લા પ્રશ્નનો યમરાજે આપેલો પ્રત્યુત્તર હતો.

**—શ્રી મધુસૂદન શાસ્ત્રી**

# ॥ રમણ મહર્ષિ ને સંત જ્ઞાનેશ્વરનું દર્શન ॥

## (૧)

શ્રી રમણ મહર્ષિના નામથી કોણ અપરિચિત હશે ? સામાન્ય માણસે કદાચ તેમનું નામ નહિ સાંભળ્યું હોય. પણ જેને ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં અને આધ્યાત્મિકતામાં રસ છે તે તો તેમના નામ ને કામથી ભાગ્યે જ અજ્ઞાત હશે. ભારતના આધ્યાત્મિક આકાશમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના સમયથી જ્યોતિર્ધરોનો જે સતત ઉદય થતો રહ્યો છે તેમાં શ્રી રમણ મહર્ષિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમણે પોતાના જીવન દ્વારા ભારતનું આધ્યાત્મિક ગૌરવ વધાર્યું છે, ને ભારતમાં ને ભારતની બહાર પ્રકાશ પાથરીને અનેક માણસોને માર્ગદર્શન કરીને શાંતિ આપી છે. મદ્રાસ પ્રાંતના એક નાનકડા ગામમાં જન્મીને લગભગ અઢારેક વરસની ઉમરે તેમણે ઘર છોડ્યું, ને પરમપિતાની શોધ શરૂ કરી. દક્ષિણના પ્રખ્યાત અરુણાચલ પર્વતે એમના અંતરનું આકર્ષણ કર્યું. ત્યાં વરસો સુધી વિજનમાં વાસ કરીને એ મહાપુરુષે તપ કર્યું ને છેવટે શાંતિ મેળવી લીધી. તે સાધકમાંથી સિદ્ધ બની ગયા ને જીવનમુક્ત થયા. તે પછી પોતે પ્રાપ્ત કરેલા પ્રકાશ દ્વારા બીજાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાના કાર્યની તેમણે શરૂઆત કરી. તેમનું નામ દેશવિદેશમાં વિખ્યાત થઈ ગયું. ભારતની ભૂમિ તેમને લીધે સાચે જ સુશોભિત બની છે.

ઉત્તરકાશીમાં એક દિવસ તે મહાપુરુષે મને અચાનક દર્શન આપ્યું. લગભગ મધરાત પછીનો સમય હતો. હું રોજની જેમ ધ્યાનમાં બેઠેલો. એટલામાં મારું દેહભાન ભુલાઈ ગયું. તે

દશામાં શ્રી રમણ મહર્ષિ મારી સામે પ્રકટ થયા. તેમનું દર્શન કરવાનો અવસર મને આ પહેલાં કોઈવાર મળ્યો ન હતો. પણ તેમનાં ચિત્રો મેં જોયેલા. વડોદરામાં હતો ત્યારે મેં તેમના વિશે સાંભળ્યું પણ હતું. એટલે તેમના વિશે મને થોડી ઘણી માહિતી હતી. તેથી તેમને ઓળખતાં મને વાર ના લાગી અનુભવની એ અવસ્થામાં મેં જોયું તો તેમની સાથે હું મુંબઈના ચોપાટીના દરિયાકિનારે ઊભો હતો. તેમની દિવ્ય શક્તિથી કદાચ તે મને એવો અનુભવ કરાવી રહ્યા હતા. તે વિશે વધારે વિચાર કરું તે પહેલાં તો તેમની સાથે હું દરિયા પર ચાલવા લાગ્યો. અમારાં બંનેનાં શરીર પાણીથી થોડેક ઉપર જોરથી દોડતાં હોય તેમ પસાર થવા માંડ્યાં ને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યાં. એ અનુભવ થોડો વખત જ રહ્યો. પછી તરત જ અમે એમના આશ્રમમાં આવી પહોંચ્યા. તે મને આશ્રમના મુખ્ય ખંડ અથવા હૉલમાં લઈ ગયા. ત્યાં મને ભેટી પડ્યા, ને મારો હાથ પકડીને મને તેમના કોચ પર બેસાડવા માંડ્યા. તેમની સાથે એક આસન પર બેસવા મારું મન માનતું ન હતું. તેમના જેવા વૃદ્ધ મહાપુરુષની સાથે એક આસન પર બેસવામાં મને સંકોચ થતો હતો. પણ તેમણે મારો સંકોચ લક્ષમાં ના લીધો. પોતાની પાસે કોચ પર બેસાડીને કહેવા લાગ્યા : 'હજી તમને ખબર નથી કે તમે કેવા મહાન પુરુષ છો. પણ હું તમને જાણું છું. મારી પાસે બેસવામાં તમારે કોઈ જાતનો સંકોચ કરવાની જરૂર નથી. તમારે સંસારમાં મહત્ત્વનું કામ કરવાનું છે.'

તે પછી અમે કેટલીક બીજી વાતો કરી. તેનો ઉલ્લેખ અહીં જરૂરી નથી એટલે નહિ કરું. એ અનુભવ બધો મળીને લગભગ અર્ધો કલાક ચાલ્યો હશે. તે પછી મારી ધ્યાનાવસ્થા પૂરી થઈ ને

મને ભાન આવ્યું ત્યારે હું ઉત્તરકાશીની મારી ગંગાતટ પરની નાની કૅબિન જેવી કુટિયામાં બેઠેલો. છેલ્લે છેલ્લે જે જુદા જુદા આનંદજનક અનુભવો થતા હતા તેમાં આ અનુભવે ખરેખર નવી જ ભાત પાડી. આ અનુભવની વિશેષતા તો એ હતી કે આ એક એવા મહાપુરુષનો અનુભવ હતો જે જીવંત હતા, હજી હયાત હતા, ને પોતાની મહત્તા માટે પ્રખ્યાત હતા. એક જીવંત મહાપુરુષના અનુભવનો આવો પ્રસંગ મારા જીવનમાં આ પહેલો જ હતો. તે દ્વારા મને એક સ્થૂલ શરીરે શ્વાસ લેતા મહાપુરુષના સંપર્કનો લાભ મળ્યો. એ રીતે તે અનુભવ ક્રાંતિકારી, કીમતી ને શકવર્તી હતો. ભવિષ્યમાં તે મહાપુરુષે મારી સાથે દૂર રહીને પણ ગાઢ સંબંધ સ્થાપિત કર્યો અને આવા અનેક અનુભવ આપીને મને કૃતાર્થ કર્યો. એ અનુભવોની પૂર્વભૂમિકારૂપે થયેલો આ અનુભવ મારા સાધનાત્મક જીવનમાં ખાસ સ્થાન ધરાવતો હતો.

રમણ મહર્ષિ અરુણાચલની તળેટીના તેમના આશ્રમનો ત્યાગ કરીને ક્યાંય ગયા નથી. વરસો સુધી શાંતિપૂર્વક આશ્રમમાં જ રહ્યા છે. તેમણે મદ્રાસ સુધી પણ મુસાફરી કરી નથી. બાહ્ય રીતે જોતાં તે તદ્દન નિષ્ક્રિય જેવા, આત્મારામ લાગે. આશ્રમમાં તેમનું દર્શન કરવાનો સુયોગ જેમને પ્રાપ્ત થયો છે તેમના પર એવી છાપ જરૂર પડી હશે. પરંતુ તે તો તેમનું બાહ્ય સ્વરૂપ હતું. એમના આંતર સ્વરૂપની ખબર કોને છે ? બાહ્ય રીતે ઉદાસીન ને નિષ્ક્રિય દેખાવા છતાં તે કેટલું ઉપયોગી કામ કરતા હતા તે કોણ જાણી શકે તેમ છે ? તેમની શક્તિ અદ્‌ભુત હતી. સમાધિ પર તેમનો પૂરો કાબુ હતો. તેને લીધે તેમને કેટલીક અસાધારણ શક્તિ અથવા તો સિદ્ધિની પ્રાપ્તિ થઈ હતી.

તેથી આશ્રમમાં રહીને આશ્રમની બહાર સ્થૂલ કે સૂક્ષ્મ રૂપે જઈને સંકલ્પ, સ્પર્શ ને વચન દ્વારા ભક્તો ને સાધકોને મદદ કરતા. તેમના એ મહાન ને ગુપ્ત સેવાકર્મનો ખ્યાલ કોને આવે તેમ છે ? બહારની પ્રવૃત્તિ ને બહારના કર્મને જ સર્વકાંઈ માનનારા માણસો મહર્ષિના આ અંદરના કર્મને ભાગ્યે જ સમજી શકશે. તે દ્વારા તેમણે કેટલા સાધકોને શાંતિ આપી, કેટલા માર્ગ ભૂલેલા માણસોને માર્ગ બતાવ્યો, ને કેટલાનું જીવન ઉજ્જવલ કરી દીધું, તેનો હિસાબ કોની પાસે છે ? તેમના જેવા શક્તિશાળી સંતો બહારથી ઉદાસીન રહેવા છતાં એ રીતે અનેક પ્રકારનાં ઉપકારક કર્મો કરી શકે છે એ ચોક્કસ છે.

આવા અનુભવો બે રીતે થાય છે એમ વરસોના અનુભવથી મને સમજાયું છે. ઈશ્વર પોતે સાધકોને ઉત્સાહ આપવા ને મદદ કરવા આવા મહાપુરુષોના અનુભવો પોતાની ઈચ્છાથી આપે છે. તેમાં મુખ્ય કારણ મહાપુરુષોની શક્તિનું નથી, પણ ઈશ્વરની શક્તિનું છે. મહાપુરુષોને તો તે અનુભવોની ખબર પણ નથી હોતી. એ એક પ્રકાર કહેવાય છે. પરંતુ બીજા પ્રકારના અનુભવો મહાપુરુષની પોતાની ઈચ્છા ને શક્તિથી થાય છે. મહાપુરુષને તેની સંપૂર્ણ ખબર હોય છે. એવા અનુભવો મહાપુરુષની શક્તિ માટે ગૌરવ ને અંજલિરૂપ છે. કેટલીકવાર તો તે મહાપુરુષ પ્રથમથી જણાવીને પછી નક્કી કહેલા દિવસે ને સમયે અનુભવ આપે છે. બધાને આ સૂક્ષ્મ ભેદનો ખ્યાલ નથી હોતો. તેથી ઈશ્વરની કૃપાથી થયેલા અનુભવને તેવા લોકો વધારે ભાગે મહાપુરુષે પોતે પોતાની શક્તિથી આપેલો અનુભવ માની લે છે ને ભ્રમમાં પડે છે. કેટલાક સાધુપુરુષો પણ ભક્તો દ્વારા એવા અનુભવોને

સાંભળીને પોતાની શક્તિ વિશે ન છાજે તેવા મોટા ને ખોટા અભિપ્રાયો બાંધી લે છે, ને ઈશ્વરે આપેલા ચમત્કારિક અનુભવને પોતાના ચમત્કાર તરીકે ગણાવે છે. તેમણે એ વિશે ખૂબ જ જાગ્રત ને સાવધ રહેવાની જરૂર છે. પોતાની ત્રુટિને જાણી લઈ તથા દૂર કરીને તેમણે સાચી શક્તિ મેળવવાની છે જેથી તે ભક્તો ને સાધકોને ઈચ્છાનુસાર અનુભવો આપી શકે. રમણ મહર્ષિમાં એવી શક્તિ જરૂર હતી. તેમના સંપર્કમાં આવનારા એ વાતને સમજી શક્યા હશે.

(૨)

એ અરસામાં એક બીજો સુંદર અનુભવ થયો. તે અનુભવ પણ રાતનો ને ધ્યાનાવસ્થામાં થયેલો હતો. ધ્યાનને અંતે મને સમાધિ થઈ. તેમાં મને નીચે ભૂગર્ભમાં ઊંડી ખીણ જેવું દૃશ્ય દેખાયું. ત્યાં એક નાનું સરખું ઘટાદાર વૃક્ષ હતું. નીચે બેસીને તેનાં પાંદડાંને પકડી શકાય તેમ હતું. તે વૃક્ષની નીચે એક નાનો ચોતરો હતો. તેની આગળ થોડું મેદાન હતું. ચોતરા પર પદ્માસન વાળીને એક મહાપુરુષ આંખ બંધ કરીને ધ્યાનાવસ્થામાં બેઠા હતા. તેમણે સ્વચ્છ ને સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. શરીરના નીચેના ભાગમાં એક વસ્ત્ર વીંટ્યું હતું, ને ઉપર એક ઓઢ્યું હતું. નીચેનું વસ્ત્ર ઘૂંટણ સુધી જ હતું. એટલે અર્ધા પગ ઉઘાડા જ દેખાતા. માથે લાંબા વાળ હતા. દાઢી બિલકુલ ન હતી. મોઢું અત્યંત તેજસ્વી, સુવર્ણમય ને શાંત હતું. આખુંયે દર્શન ખૂબ જ અદ્‌ભુત હતું.

મને થયું કે આ નાની ઉંમરના મહાપુરુષ કોણ હશે ! ભારતમાં બાલયોગી ઘણા થયા છે. અષ્ટાવક્ર, શુકદેવ, શંકરાચાર્ય જેવા મહાપુરુષો પ્રખ્યાત છે. પણ આ મહાપુરુષનું

સ્વરૂપ તો તદ્દન જુદું જ છે. તેજ વખતે મને અંતઃપ્રેરણા થઈ કે આ મહાપુરુષ બીજા કોઈ નહિ પણ સંત જ્ઞાનેશ્વર છે અને મારું અંતર આનંદથી નાચી ઉઠ્યું.

સંત જ્ઞાનેશ્વરને કોણ નથી ઓળખતું ? જ્ઞાનેશ્વરી ગીતા જેવા મહાન ગ્રંથની રચના જેમણે પંદર વરસની નાની ઉંમરમાં કરી, તે જ્ઞાનેશ્વર તેમના અપૂર્વ જ્ઞાન માટે પ્રસિદ્ધ છે. પૈઠણમાં તેમણે પાડાના મુખમાં વેદ બોલાવ્યા તે પછી તે મહાન યોગી તરીકે જાણીતા થયા હતા. પુના પાસે આલંદી ગામ તેમનું જન્મસ્થાન ને મુખ્ય લીલાસ્થાન પણ તેજ. ચાંગદેવ તેમને મળવા સિંહપર સવારી કરીને હાથમાં ચાબુક લઈને આવ્યો ત્યારે તેમણે દીવાલને તેની દિશામાં ચલાવી. તે દીવાલપર જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ, સોપાન ને મુક્તાબાઈ ચારે ભાઈબેન બેઠેલાં. તે ચારે મુક્ત હતાં. જ્ઞાનેશ્વરે આલંદીમાં જીવંત સમાધિ લીધી. તે વખતે તેમની ઉંમર ૨૧ વર્ષ, ૬ મહિના, ૧૫ દિવસની હતી. આજે આલંદીમાં તેમની મોટી સમાધિ છે. હજારો ભક્તો ત્યાં ભેગા થાય છે ને પ્રેરણા મેળવે છે. એવા મહાન સંત, જ્ઞાની ને યોગી મહાત્મા જ્ઞાનેશ્વરનું મને દર્શન થયું તેથી મને ખરેખર આનંદ થયો. તેમના દર્શનનો એ અનુભવ આશરે દશેક મિનિટ રહ્યો હશે.

(૩)

કોઈ કહેશે, જ્ઞાનેશ્વર મહારાજને તો થઈ ગયે વરસો વીતી ગયાં છે : તો શું આજે તેમનું દર્શન થઈ શકે ? આપણે કહીશું કે જરૂર થઈ શકે. જેમ વરસો વીતી જવા છતાં આજે કૃષ્ણ, રામ, વ્યાસ, દત્તાત્રેય, નારદ, બુદ્ધ ને ઈશુ જેવા મહાપુરુષોનું દર્શન થઈ શકે તેમ છે તેમ શ્રી જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન પણ થઈ શકે. મહાપુરુષો દેશ ને કાળથી પર હોય છે. દેશ ને કાળના

સ્વામી હોય છે. દેશ ને કાળની મર્યાદામાં રહીને તેમનો વિચાર કરવામાં અજ્ઞાન રહેલું છે. તેમને દેશ ને કાળનાં બંધન નથી. તેથી તે ગમે તે વખતે ને ગમે તે સ્થળે દર્શન આપી શકે છે. તેમના દર્શન માટે માણસનું મન આતુર હોવું જોઈએ. તો તે પ્રકટ થાય છે. અથવા માણસનું મન આતુર ના હોય તો પણ, તેમની અથવા ઈશ્વરની ઇચ્છાથી તેમનું દર્શન થઈ શકે છે.

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે, અથવા એક થઈ જાય છે. તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવામાં રસ ધરાવતા નથી. પરંતુ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરા જુદું છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી છે છતાં શરીર છોડ્યા પછી તે પરમાત્મામાં પૂરેપૂરા મળી જતા નથી. તે વિચાર કરે છે કે આપણે તો પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનમુક્ત પદે પહોંચી ગયા પણ હવે બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવીએ : બીજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણ કામમાં મદદ કરીએ ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવીએ એવા પુરુષો જરા વધારે પ્રેમાળ ને પરગજુ સ્વભાવના હોય છે. તે લોકસંગ્રહમાં માને છે. તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. તેમાંના કોઈ સૂક્ષ્મ શરીરે તો કોઈ સ્થૂલ શરીરે પણ રહે છે. તે સિદ્ધ ને મુક્ત કોટિના હોય છે. તેવા મહાપુરુષોના સિદ્ધલોકનું શાસ્ત્રોમાં વર્ણન પણ કરેલું છે.

તે પુરુષો પોતાની ઇચ્છાનુસાર શરીર ધારણ કરે છે અથવા જન્મે છે. પણ તેમને બાલપણથી જ પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન હોય છે ને પોતે જે હેતુ માટે શરીર ધારણ કર્યું છે તેનો પણ

ખ્યાલ હોય છે. તે સંસારમાં ફસાતા નથી; પણ બાલપણથી જ પ્રભુને પંથે વળી જાય છે. પોતાના જીવન દ્વારા તે કેટલાય લોકોનું કલ્યાણ કરે છે, ને પોતાનું કાર્ય પૂરું કરીને પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે. કેટલીકવાર તેમની દ્વારા સંસારમાં વ્યાપક રીતે અસર કરનારાં મોટાં કામો થાય છે, તો કેટલીકવાર ધર્મ પ્રચાર પણ કરવામાં આવે છે. તેવા અવતારી પુરુષોને શાસ્ત્રોમાં કારક પુરુષ પણ કહેવામાં આવ્યા છે. તેવા પુરુષો જ્યારે તેમને યોગ્ય લાગે ત્યારે, કોઈ જાતની હરકત વિના, પરમાત્મામાં સંપૂર્ણ પણે મળી જઈને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને શાંત પણ કરી શકે છે. તેમ કરવામાં તે તદ્દન સ્વતંત્ર છે. આપણે ત્યાં પેલા સંસ્કૃત શ્લોકમાં સાત ચિરંજીવ મહાપુરુષોનાં નામ ગણી બતાવ્યા છે. તેમાં વ્યાસ, બલિ, હનુમાન, વિભીષણ ને અશ્વત્થામાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી તુલસીરામાયણ ને યોગવાસિષ્ઠ જેવા ગ્રંથોમાં કાળથી પર કાકભુશુંડજી ને લોમશ મુનિનો ઉલ્લેખ આવી જાય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે ચિરંજીવ કે કાળથી પર પુરુષો આટલા જ છે. પેલા શ્લોકે તો તેમનો માત્ર ઉલ્લેખ કરી બતાવ્યો છે. બાકી તેવા મહાપુરુષો સંસારમાં ઘણા છે. ખરેખર કેટલા છે ને હજી કેટલા થશે, તેમનો આંકડો કોણ કહી શકે ?

એક બીજી વાત. જે મહાપુરુષો પરમાત્મામાં મળી ગયા છે તેમાંના કોઈનું દર્શન કરવાની ઈચ્છા હોય તો પણ તે ઈચ્છા પરમાત્માની કૃપાથી પૂરી થઈ શકે છે. એ સમજી લેવા જેવું છે. પરમાત્મા સર્વસમર્થ હોવાથી સાધકની સઘળી ઈચ્છા પૂરી કરી શકે છે. પરમાત્માની કૃપાથી તેવું દર્શન થઈ શકે છે, અથવા પરમાત્મા પોતે તે મહાપુરુષના સ્વરૂપમાં પ્રકટ થઈને સાધકને

શાંતિ આપે છે. પણ તેવું કોઈવાર જ બને છે.

આટલી સ્પષ્ટ વિચારણા પરથી સમજાશે કે જ્ઞાનેશ્વર મહારાજને સશરીર સમાધિ લીધે વરસો થયાં તો પણ તેમનું દર્શન આજે જરૂર થઈ શકે તેમ છે. જ્ઞાનેશ્વર મહારાજે તો જીવતાં જ સમાધિ લીધી હતી. તે પરથી ને તેમના જીવનના કેટલાક પ્રસંગો પરથી તેમની મહાન યૌગિક શક્તિનો ખ્યાલ આવી શકે તેમ છે. તેવા કાળ પર શાસન કરનારા મહાપુરુષ સમાધિ લીધા પછી પણ કોઈને પોતાની ઈચ્છાથી દર્શન આપે, તો તેમાં આશ્ચર્ય જેવું કંઈ જ નથી. તે વાત સહેલાઈથી સમજી શકાય તેવી છે. ઈતિહાસ કહી બતાવે છે કે જ્ઞાનેશ્વર મહારાજ પછી આશરે ત્રણસો વરસે મહારાષ્ટ્રમાં એકનાથ મહારાજ થયા. તેમને જ્ઞાનેશ્વર મહારાજે એકવાર સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, 'જે વૃક્ષ નીચે મેં સમાધિ લીધી છે તેની એક ડાળ મને વાગે છે. તેથી તું આવીને તે ઠીક કરી જા.'

આવા મહાન યોગીને વળી ડાળી શું વાગે ? શું તે ડાળીને ઠીક ના કરી શકે ? પણ એ રીતે તેમણે એકનાથજીને દર્શન આપવાનું એક નિમિત્ત ઊભું કર્યું. એકનાથજી સ્વપ્નની સૂચના પ્રમાણે આલંદી પહોંચ્યા. પણ સમાધિનું સ્થાન શોધી શક્યા નહિ. ત્યારે જ્ઞાનેશ્વર મહારાજે ફરી સૂચના કરી તે પ્રમાણે જમીનની અંદરના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. ત્યાં જે જોવામાં આવ્યું તેથી તેમને અત્યંત આનંદ થયો. એક નાના સરખા વૃક્ષ નીચે શ્રી જ્ઞાનેશ્વર મહારાજ બેઠા હતા. તેમણે એકનાથજીનો સ્મિત સાથે સત્કાર કર્યો. એકનાથ પણ મહાન ને ઈશ્વરદર્શી સંત હતા. બંનેનું મિલન થયું. જાણે રામ ને ભરત, બદરીનાથ ને કેદારનાથ, ગંગા ને જમના અથવા જ્ઞાન, ભક્તિ ને યોગનો

શાનદાર સમાગમ થયો. કહે છે કે ત્યાં એકનાથજી ત્રણ દિવસ ને ત્રણ રાત રહ્યા. તે દરમ્યાન તે બંને મહાપુરુષોએ શું કર્યું તે તો તે જ જાણે, પણ શ્રી એકનાથનાં ગીતો પરથી સંસારે એટલું તો જરૂર જાણ્યું કે જ્ઞાનેશ્વર મહારાજ હજી હયાત છે. તેમણે એકનાથજીને કૃતાર્થ કર્યા છે. તે મહાજ્ઞાની ને યોગી મહાપુરુષે મને ઉત્તરકાશી જેવા હિમાલયના દૂરના સ્થાનમાં પણ શોધી કાઢીને, તે પછી કેટલાંય વરસે, ઠેઠ ઈ.સ.૧૯૪૪માં દર્શન આપ્યું, તેનું કારણ તેમની કૃપા જ કહી શકાય. તેમને માટે મને કે કોઈને દર્શન આપવાનું મુશ્કેલ નથી. આટલાં વરસોમાં તેમણે બીજા કેટલા સાધકોને દર્શન આપ્યું છે ને મદદ કરી છે તેની કોને ખબર છે ?

મને દર્શન આપીને શ્રી રમણ મહર્ષિની જેમ તેમણે પણ મારા અંતરનું તેમના તરફ આકર્ષણ કર્યું. તેમના પ્રત્યે મને પ્રેમ તો હતો જ. પરંતુ તે હવે વધી ગયો. તેમનું મહાન વ્યક્તિત્વ મારી આંખ આગળ રમવા માંડ્યું. શ્રી એકનાથ મહારાજ તો મહાન હતા. હું તો હજી એક સાધારણ બાળક છું. મારામાં કોઈ વિશેષ યોગ્યતા પણ નથી. છતાં મારા પર તેમણે કૃપા કરી. તેનો વિચાર કરીને મારું હૃદય ભરાઈ આવ્યું. પણ મહાપુરુષોની પદ્ધતિ એવી જ રહસ્યમય હોય છે. તે કોના પર કૃપા કરશે તે વિશે કશું જ કહી શકાતું નથી. ભારત ને સંસારના એ બંને મહાપુરુષો—શ્રી રમણ મહર્ષિ ને સંત જ્ઞાનેશ્વરના ચરણોમાં મારા પ્રણામ છે, વારંવાર પ્રણામ છે. તેમની કૃપા શક્ય હોય ત્યાં સુધી તે મારા પર વરસાવ્યા કરશે એવી આશા છે.

—શ્રીયોગેશ્વરજી

# ॥ ખેચરી ને આત્મજ્યોતિનો અનુભવ ॥

(૧)

ખેચરી મુદ્રાની સફળતા માટે મેં ઉત્તરકાશીમાં આવ્યા પછી બેવાર જીભની નીચેની નાડી કાપી જોઈ. પરંતુ મારી જીભ પહેલેથી જ ટૂંકી હોવાથી એમ લાગ્યું કે ખેચરી મુદ્રાની સિદ્ધિ માટે મારે લાંબા વખત લગી એકધારો અભ્યાસ કરવો પડશે. તેથી મને જરા ચિંતા તો થઈ. કારણ કે ધારેલા કામને બને તેટલું વહેલું પૂરું કરવાની ટેવ મને શરૂઆતથી જ પડી હતી. પરંતુ ચિંતા કરીને બેસી રહીએ ચાલે તેમ ન હતું. વખત વધારે લાગે કે ઓછો, ધારેલું કામ કર્યા વિના છૂટકો ન હતો. તે વિના મને શાંતિ થાય તેમ ન હતું, એટલે મેં બનતો પ્રયાસ ચાલુ રાખ્યો. ખેચરીથી મન સ્થિર થાય છે, પ્રાણવાયુ રોકાઈ જાય છે, ને સમાધિનો આનંદ મળે છે. મારું મન સ્થિર ને શાંત હતું. તે વિશે મારી કોઈ ફરિયાદ ન હતી. સમાધિના મંગલમય મંદિરનું દ્વાર પણ મારે માટે ઊઘડી ચૂક્યું હતું. ને સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે વરસોથી મેં જડ-ચેતનમાં પરમાત્માનું દર્શન કરવાની ટેવ પાડી હતી. તેથી મારું કામ સહેલું થયું હતું. અને મને આત્માનુભવનો સ્વાભાવિક આનંદ મળ્યા કરતો. તે વાતને ધ્યાનમાં રાખીને વિચાર કરીએ તો સમજાશે કે મારે માટે ખેચરી મુદ્રાના અભ્યાસની આવશ્યકતા ન હતી. તે સંબંધી વેદબંધુએ આપેલો અભિપ્રાય સાચો હતો. છતાં ખેચરીના નવા અનુભવ માટે મારું મન આતુર હતું. તેની પાછળ મુખ્યત્વે મારી કુતૂહલવૃત્તિ જ કામ કરી રહેલી. તેને સંતોષવા માટે પણ ખેચરીના અભ્યાસની ને અનુભવની મારે જરૂર હતી.

ઉત્તરકાશીમાં થોડા દિવસ રહ્યા પછી મને એક નાથ સંપ્રદાયના મહાત્માની મુલાકાતનો લાભ મળ્યો. તે મહાત્મા નહાન સ્ટેટમાં રહેતા હતા. તે યોગાભ્યાસમાં પ્રવીણ હતા. તેમની સાથે મેં યોગ વિશે વિસ્તારથી વાતો કરી. મારો યોગ પ્રત્યેનો પ્રેમ જોઈને તેમણે મને નહાન સ્ટેટમાં આવેલા એમના આશ્રમની મુલાકાત લેવાનું અને એમની સાથે થોડા દિવસ રહેવાનું આમંત્રણ આપ્યું. મેં એમના આમંત્રણનો સ્વીકાર કર્યો. તેથી તે પ્રસન્ન થયા. તે ખેચરી મુદ્રાના સારા અભ્યાસી હતા. તેમણે મને સૂચના કરી કે બચ નામની બુટી થાય છે; તે ખેચરી મુદ્રામાં મોટી મદદ કરે છે. તેના રસને જીભ પર ચોપડીને દોહન કરવાથી જીભ મોટી થાય છે. તેમના કહેવા પ્રમાણે મેં બેચાર દિવસ પછી ઉત્તરકાશીના જ્ઞાનસુ નામના પ્રદેશમાં તપાસ કરીને તે બુટી શોધી કાઢી. તેનો પ્રયોગ મેં દિવસો સુધી ખૂબ ઉત્સાહથી કર્યો. પણ એમ કાંઈ જીભ જલદી વધી જાય કે ? જીભ લાંબી કરવા માટે યોગના ગ્રંથોમાં માખણનો પ્રયોગ બતાવ્યો છે. પણ ઉત્તરકાશીમાં તે પ્રયોગ શક્ય ન હતો. માખણ મેળવવાની મુશ્કેલી હતી. તેથી મને જરા મૂંઝવણ થવા માંડી. તે દિવસોમાં રાતે સુવાનું મેં બંધ કર્યું હતું. દિવસે ને રાતે થોડો વખત મને સમાધિનો લાભ મળતો. એટલે સાધનાની દૃષ્ટિએ તો મને શાંતિ હતી. પણ એક પ્રક્રિયા તરીકે મારા મનમાં ખેચરીનો અનુભવ કરવાની જે ઇચ્છા હતી તેને પણ શાંત કરવાની ને બનતી વહેલી તકે શાંત કરવાની જરૂર હતી.

ઈશ્વરની કૃપાથી તે ઇચ્છા પણ શાંત થઈ ગઈ. ઈશ્વરે તેની શાંતિ માટે એક નવો જ માર્ગ નક્કી કર્યો. તેની મને કલ્પના પણ ન હતી. કદાચ કોઈ બીજા માણસને પણ તેની કલ્પના નહિ

હોય. જીભ ટૂંકી ને ટૂંકી જ રહે ને છતાં પણ ખેચરી મુદ્રાનો આનંદ મળે એ વાત કોની કલ્પનામાં આવી શકે તેમ છે ? તેને માનવાનું મન પણ કોને થાય ? યોગના ગ્રંથોમાં તેવા અનુભવનો ઉલ્લેખ જ કયાં છે ? પણ ઉલ્લેખ ના હોય તેથી તેને અસત્ય ના કહી શકાય. યોગના શાસ્ત્રમાં પણ પ્રેમયોગનું શાસ્ત્ર સૌથી મોટું છે. તેનો આશ્રય લેનારની ઇચ્છા ઈશ્વર પોતાની વિશેષ કૃપાથી પૂરી કરે છે. ઈશ્વરની શક્તિ અપાર છે ને સર્વસમર્થ છે. તે શું ના કરી શકે ? જે મૂંગાને બોલતા કરે છે ને મરેલાને જીવતા કરવાની શક્તિ ધરાવે છે તે ઈશ્વરને માટે ટૂંકી જીભ હોવા છતાં ખેચરીનો અનુભવ કરાવવાનું મુશ્કેલ નથી. તે તો જે ધારે તે કરી શકે છે. ઈશ્વર કૃપાળુ છે ને સૌના પર કૃપા કરવા તૈયાર છે. પણ તેને ઝીલવા માટે સરલ ને ભક્તિભાવમય હૃદયની જરૂર છે. જો કોઈ સરળ, નિષ્કપટ ને ભાવભરેલા હૃદયે ઈશ્વરને પ્રાર્થે ને પોકારે તથા ઈશ્વરની આગળ પોતાની ઇચ્છા રજૂ કરે, તો ઈશ્વર તેની પ્રાર્થના ને તેનો પોકાર જરૂર સાંભળે, તેને પ્રેમપૂર્વક ઉત્તર આપે, ને તેની ઇચ્છા પૂરી કરે. અલબત્ત, તેને પ્રેમપૂર્વક ઉત્તર આપે, ને તેની ઇચ્છા પૂરી કરે. અલબત્ત, કયી ઇચ્છા કેટલા પ્રમાણમાં ને ક્યારે પૂરી કરવી તે તેના હાથની છે. માણસે તેના વિધાનમાં સદા સંતુષ્ટ ને ખુશ રહેવું જોઈએ. મારા વ્યક્તિગત પ્રયાસની સાથેસાથે મેં ઈશ્વરની પ્રાર્થના પણ ચાલુ રાખી હતી. તેની માત્રા છેવટે વધી પડી. ત્યારે ઈશ્વરે મારા પર વિશેષ કૃપા કરી ને મને કામચલાઉ શાંતિ આપી.

એક દિવસ રાતના પ્રથમ પ્રહરમાં હું મારા નિત્ય નિયમ પ્રમાણે પ્રાર્થના કરતાં બેઠો હતો, તે વખતે મારી જીભ અચાનક

લાંબી થઈને તાળવે લાગી ગઈ ને મને એક પ્રકારના દિવ્ય રસનો સ્વાદ મળવા માંડ્યો. એ દશામાં થોડો વખત રહ્યા પછી મારું દેહભાન ભૂલાઈ ગયું. એ અવસ્થામાં લાંબા વખતલગી રહ્યા પછી છેવટે મને જાગૃતિદશાની પ્રાપ્તિ થઈ. હજી મારી જીભ તાળવે લાગેલી જ હતી, ને મને કોઈ સુમધુર રસનો સ્વાદ મળી રહ્યો હતો. એ બધા સળંગ અનુભવમાં લગભગ બ્રાહ્મમુહૂર્તના સમયે જીભ પાછી પૂર્વવત્ સહજદશામાં આવી ગઈ. એ અનુભવથી મને અપાર આનંદ થયો. ખેચરીનો અનુભવ કરવાનું મારું કુતૂહલ તેથી સારા પ્રમાણમાં શમી ગયું. ઈશ્વરની મહાન કૃપા વિના એવો વિશેષ અનુભવ મને ભાગ્યે જ થઈ શક્યો હોત. એ પ્રકારનો અનુભવ તે પછી ત્રણ દિવસ રાતે સતત થતો રહ્યો. એ ખાસ નોંધવા જેવું છે.

એ પછી ખેચરી મુદ્રા પ્રત્યે પ્રેમ હોવા છતાં, તેનો વિધિપૂર્વક અભ્યાસ મારાથી નથી થઈ શક્યો. એવા અભ્યાસ માટે મારું મન આતુર પણ નથી થયું. ઈશ્વરની કૃપાએ એ રીતે મારે માટે ખાસ કામ કરી દીધું છે.

(૨)

તે દિવસોમાં એક બીજો પણ ખાસ અનુભવ થયો. રાતે મારા ઓરડાની અંદર મારાથી થોડેક દૂર ઉપરના ભાગમાં મને એક પ્રકાશ અથવા જ્યોતિનું દર્શન થયું. તે દર્શન જાગૃતિદશાનું હતું, ને લગભગ બે દિવસ સુધી રાતે બે ત્રણ કલાક ચાલતું હતું. તે જ્યોતિનું શરૂઆતમાં દર્શન થયું ત્યારે મને જરા નવાઈ લાગી. કેમકે મારા ઓરડાનાં બારીબારણાં બંધ હતાં. બહારથી કોઈ પ્રકાશના પ્રવેશ માટે અવકાશ ન હતો. અંધારી રાત

હોવાથી બહાર પણ બધે અંધારું હતું. ઓરડામાં બધે અંધકાર હતો. તેમાં તે જ્યોતિ પ્રકાશના પુંજ જેવી પ્રબળ બનીને ચમકી રહી હતી. તે જ્યોતિ મારા મસ્તકથી લગભગ બે હાથ ઉપર તદ્દન સ્થિર થઈને પ્રકાશી રહી હતી. તે જરાપણ હાલતી ન હતી. મને થયું કે આ જ્યોતિ શેની હશે ! ધ્યાનની દશામાં જ્યોતિનું દર્શન થાય છે એ વાત મારા વાંચવામાં આવી હતી. પણ આ તો જાગૃતિનું દર્શન હતું. મને સ્ફુરણા થઈ કે તે આત્માનું દર્શન અથવા આત્માનો સાક્ષાત્કાર છે. ઈશ્વરની કૃપાથી મને આત્માનું સાક્ષાત્ દર્શન થઈ રહ્યું છે એમ મને લાગ્યું.

ઉપનિષદના ઋષિવરોએ આત્મા નિરાકાર હોવા છતાં તેનું ધ્યાન કે સમાધિમાં દર્શન કર્યું છે, ને તેનું વર્ણન પણ કર્યું છે. આત્મદર્શન કરી ચૂકેલા એક ઋષિ ઉપનિષદમાં લખે છે કે

**'અંગુષ્ઠમાત્રઃ પુરુષો મધ્યાઆત્મનિ તિષ્ઠતિ।**
**ઈશાનો ભૂતભવ્યસ્ય તતો ન વિજુગુપ્સતે॥'**

એટલે કે આત્મા અંગુઠાના પરિમાણનો છે, ને શરીરના મધ્યમાં હૃદયપ્રદેશમાં રહે છે. તેને જાણનાર શોક ને મોહથી મુક્તિ મેળવે છે.

બીજે ઠેકાણે કહેવામાં આવ્યું છે કે 'ज्योतिरिवा धूमकः' એટલે કે આત્મા જ્યોતિસ્વરૂપ છે, પણ તે જ્યોતિમાંથી ધૂમાડો નીકળતો નથી.

તે વચનો મને યાદ હતાં. તેથી મને નક્કી સમજાયું કે મને દેખાઈ રહેલી જ્યોતિ કોઈ સાધારણ જ્યોતિ નથી પણ આત્માની જ્યોતિ છે. તે જ્યોતિ પણ નાના દીવાની જ્યોતિની જેમ અંગુઠાના પરિમાણની જ હતી.

કોઈને એવી શંકા થવાનો સંભવ છે કે 'આત્માની જ્યોતિનું દર્શન જાગૃતિમાં ને પોતાની બહાર થઈ શકે ખરું ?' તેના સમાધાનમાં આપણે કહીશું કે હા. તેમ થઈ શકે છે. આત્મા અત્યંત સૂક્ષ્મ છે, ને સ્થૂલ દૃષ્ટિથી દેખાવો લગભગ અશક્ય છે; એમ કહેવામાં આવ્યું છે. વળી તે સૌના શરીરમાં વાસ કરે છે, ને સમાધિ દશામાં છેક સૂક્ષ્મ થયેલી મનોવૃત્તિથી યોગી તેનું દર્શન કરે છે એ વાત પણ પ્રસિદ્ધ છે. પણ તેનો અર્થ એવો નથી કે તેનું દર્શન ઊઘાડી આંખે ને બહાર ના થઈ શકે. આત્મા સૌના શરીરમાં રહે છે એ સાચું છે; પણ શરીરની બહાર પણ નથી એમ નહિ. તે તો ચરાચરમાં બધે જ વસે છે. બધે જ વ્યાપક છે. તો પછી બહાર શા માટે ના દેખાય ? જે યોગી તેને પોતાની અંદર જુએ છે તેમણે બહાર પણ બધે તેનું દર્શન કરવાનું છે એમ ગીતા જેવા ગ્રંથો કહી બતાવે છે. ઈશ્વરની કૃપાથી ઉપનિષદના ઋષિઓએ વર્ણવ્યા પ્રમાણે તેનું અંદર ને બહાર દર્શન થઈ શકે છે. જે અંદર દેખાય છે તે ઈશ્વરની કૃપા કે સાધકની ઇચ્છાથી બહાર પણ જોઈ શકાય છે. આત્માનો સાક્ષાત્કાર સાધકને બંને રીતે થઈ શકે છે. 'સાક્ષાત્કાર' શબ્દમાં જે ધ્વનિ છે તે ધ્યાન કે સમાધિના અનુભવ સાથે જાગૃતિ દશાના અનુભવને પણ સૂચિત કરે છે. એ સહેજે સમજી શકાય તેવું છે.

ઈશ્વરની કૃપા વિના આ પ્રકારનો અનુભવ મને ભાગ્યે જ થઈ શક્યો હોત.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ પૂ.શ્રી'મા'ના અનંત ઉપકારોની શૃંખલા ॥

પરમ પૂજ્ય પરમ વંદનીય પ્રાતઃસ્મરણીય પૂજ્ય 'મા'.

અમારા સાષ્ટાંગ દંડવત પ્રણામ.

પૂજ્ય 'મા'ને કહેવા આભાર કે Thank you જેવા શબ્દો ખૂબ ટૂંકા પડે છે. અમારા જોષી પરિવાર પર વરસતી અનરાધાર કૃપા માટે પૂજ્ય 'મા'નું ઋણ સ્વીકાર કરીએ છીએ અને આપની કૃપાને પ્રણામ કરીએ છીએ.

જોષી પરિવારનાં બે બાળકોને પૂજ્ય 'મા' એ જનોઈ આપી એમનું બ્રાહ્મણત્વ ધન્ય કર્યું છે. પૂજ્ય 'મા', મોક્ષની જનોઈમાં ઘરનાં સૌ મુગ્ધ બન્યા હતાં. અને અમારી કુલવધૂના મનની પવિત્ર ઈચ્છા કે ભાવના કે "વિહાનની જનોઈ સ્વર્ગારોહણમાં જ થવી જોઈએ." એ ભાવનાનો આપે કેવો સુંદર હકારાત્મક પડઘો પાડ્યો છે. ઘરના સૌ સભ્યોને આપે ખૂબ પ્રેમથી આવકાર્યા, પ્રસાદની હેલી વરસાવી. સૌ અતિ પ્રસન્ન અને તૃપ્ત થઈને પાછા ફર્યા.

અમે જાતે આ પ્રસંગ ઘરે કર્યો હોત તો આટલી સુંદર, સાત્ત્વિક, આટલી ભવ્ય રીતે એ પ્રસંગ પાર ના પાડી શક્યા હોત. અમે સૌ મહેમાનોને આવી પરિતૃપ્તિના ઓડકાર ના ખવડાવી શક્યા હોત.

જોષી પરિવાર પર આપના અનંત ઉપકારોની શૃંખલા

અસ્ખલિત ચાલુ રાખજો. અમારાં સર્વ બાળકો પર આપની અમી દૃષ્ટિ હરહંમેશ રાખજો. અમે આપનાં કૃતજ્ઞી છીએ. અમને સૌને આપના શરણે રાખજો.

**–શ્રીમુકેશ જોશી**

✻

## ॥ સર્વશ્રેષ્ઠ 'મા' ॥

'મા' આ સંસારથી અલિપ્ત છે. પણ શ્રેષ્ઠ વ્યવહાર કેવી રીતે થઈ શકે તે 'મા'એ શીખવાડ્યું. એ જોવા પણ મળ્યું અને 'મા'એ કેટલો બધો પ્રેમ વરસાવ્યો ! ફક્ત બાળકો પર જ નહિ, ફક્ત એમનાં માતાપિતા પર જ નહિ, પણ જેટલાં પણ સ્વજનો આમંત્રિત હતાં 'સ્વર્ગારોહણ'ના આંગણે, એ બધાં પર 'મા' વરસ્યાં છે. આ ઉત્તમ આચાર છે એવું મને લાગે છે. આટલો બધો પ્રેમ અને વ્યાવહારિક જ્ઞાન જે 'મા'એ આપ્યાં છે. એ જોઈને આપણને એમ થાય કે, આપણે સંસારમાં રહીને પણ શ્રેષ્ઠ આચરણ નથી કરી શકતાં. અને પૂ.શ્રી'મા' સંત હોવા છતાં, ભગવદ્સ્વરૂપ થઈને પણ કેટલું સરસ આપણને શીખવાડે છે. દરેક રીતે 'મા' સર્વશ્રેષ્ઠ છે એની એક ઑર સુંદર પ્રતીતિ થઈ.

**–શ્રીબીજલ ભટ્ટ**

# ॥ સર્વ પર્વોને આવકારતું 'સ્વર્ગારોહણ' તીર્થરાજ ॥

**(સંસ્કારો મનુષ્યની ચેતનાને જગાડનારા બને છે)**

'હૈયાની ધરતી પરે વરસજો થઈ મેઘરાજા તમે
ફૂટ્યાં અંકુર કોઈના કોમળા હૃદયમાં તે આત્મવંતાં કરો
હે યોગેશ્વર ગંગ પાવન વહો, મારા હૃદે સર્વદા
ગાઉં નિત્ય ગુણાનુવાદ ગુરુ હે ! સ્વીકારજો વંદના.'

'સ્વર્ગારોહણ' સ્વર્ગ જેની સામે પાણી ભરતું જણાય 'મા' આદ્યામ્બાની ક્રીડાસ્થલી શું સ્થાન ! પૂજ્ય શ્રી ગુરુદેવ ભગવંતના સ્વપ્નનું સાક્ષાત્ સ્વરૂપ તે સ્વર્ગારોહણ. જેમ પૂજ્ય 'મા'નું અંતર પર્વમય હોય છે તેમજ શ્રીધામ 'સ્વર્ગારોહણ' સતત પર્વોની ઋતુઓ સૌને આવકારતું હોય છે. પૂ.'મા'નાં આંતરિક જગતમાં પણ સર્વનો સતત સ્વીકાર છે તેવી જ રીતે આ મહાતીર્થ પણ સતત સ્વીકાર કરે છે. શેનો સ્વીકાર ? ભક્તોના અનેક મનોરથોનો, અનેક પ્રદક્ષિણાઓનો પૂ.'મા'ના મીઠાં અમૃતથીય અદકા બોધમય વચનોનો, પ્રેમનો ને પોકારોનો યોગતીર્થમાં બિરાજી રહેલા પ્રભુ જાણે સૌને પોતાના સહસ્ર કર્ણે સાંભળતા બેઠા હોય તેમ !

પણ આજે આ સ્વર્ગારોહણ તીર્થનો આવકાર જુદો હતો. આજે તો આ મહાતીર્થ સોળે શણગાર સજી વાટ જોતું હતું. પોતાના ભાવિની-૯ બટુકોની. સ્વર્ગારોહણ તીર્થની એ ભૂમિ જાણે પોતાના હર્ષને ચારે બાજુ-ચોરે ને ચૌટે રેલી રહી હતી. એ પુણ્યભૂમિ તો આગળ પણ ૭ વિશિષ્ટ પર્વો જોઈ ચૂકી હતી ને માટે જ આ આઠમા યજ્ઞોપવિત મહાપર્વ માટે તે અત્યંત ઉત્સૂક હતી. આ ભૂમિએ આવાં અનેક યજ્ઞોપવિતના યજ્ઞ નિહાળ્યા કે

ને તેમાંથી પ્રગટી રહેલાં શ્રદ્ધાસંપન્ન દ્વિજ બાળકોને પણ તે જુએ છે. માટે તે અનેકગણી પ્રસન્ન છે. શાસ્ત્ર એમ કહે છે કે જ્યાં ગુરુનો વાસ હોય ત્યાં જ ૬૮ તીર્થ ને સર્વ પવિત્ર નદીઓનો વાસ હોય છે. ગુરુનાં શ્રીચરણ એ 'મા' ભાગીરથી ગંગાનાં ઉદ્‌ગમ સમાં છે. માટે જ તે સ્થાન તીર્થરાજ કરતાં ઓછું ના ગણી શકાય. તો આજે આ તીર્થરાજ પણ બાળભક્તોને આવકારી રહ્યું છે. તો હવે તેમની પાસે જ થોડું શ્રવણ કરીએ.

મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે. ૮૪ લાખ યોનીઓમાંથી માત્ર મનુષ્યયોનીને જ અધિકાર અપાયો છે કે પોતાનાં જીવનમાં ચર્તુ પુરુષાર્થ-૪ મહાપુરુષાર્થ ને સિદ્ધ કરી પોતાના પ્રિયતમ પ્રભુને પામી શકે. માટે જ શાસ્ત્રોએ વારંવાર આ દેહની વંદના કરી છે. તેમાં પણ ભાગ્યે જ પરમશક્તિના મુખ એવા બ્રહ્મકુળમાં જન્મ મળે. બ્રાહ્મણ એ ખરેખર મુખ એટલા માટે કહેવામાં આવ્યો છે કારણ સમાજની વ્યવસ્થામાં તેને સૌથી મહત્ત્વનું કામ આપવામાં આવ્યું છે. બ્રાહ્મણનું કર્તવ્ય ભિક્ષા માગી-કર્મકાંડના વ્યવહારો દ્વારા પોતાનો જીવનનિર્વાહ કરવાનો નથી. તેનું કર્મ-તેનો ધર્મ તો ખરેખર સમાજમાં વેદ-અર્થાત્ જ્ઞાન ને તેના મૂળની સમજૂતી આપવાનું છે. જ્ઞાન અર્થાત્ વિદ્યાસ્વરૂપે અર્ચિત થયેલી એવી મૂડી જેને કોઈ હણી શકતું નથી. જ્ઞાન ખરેખર તે ચક્ષુ છે જેના દ્વારા પરમપ્રિય પરમાત્માની ઝાંખી થઈ શકે તેના દ્વારા સારાં-નરસાંનો ભેદ કરી શકાય ને તે દ્વારા વિવેકની પ્રાપ્તિ થાય. શાસ્ત્રજ્ઞા તો ખરેખર એમ જ કહે છે કે માયાપતિને ઓળખવા વિવેકનાં ચશ્મા પહેરવા પડે. સૃષ્ટિના રચયિતાએ માયા ને અવિદ્યાનું સર્જન કર્યું ને અવિદ્યા મનુષ્યને આપી ને સ્વયં માયાપતિ બન્યા. તો આ અવિદ્યામાંથી મુક્ત થવાં જ્ઞાનની ઉત્પત્તિ વેદસ્વરૂપે કરી. ને તે વેદોને અર્થાત્ જ્ઞાનને

બ્રાહ્મણો દ્વારા જનસમાજને પહોંચાડવાનો શ્રી પ્રભુનો સંકલ્પ શાસ્ત્રોએ કહ્યો છે. જેમ મોટાંઓનું અનુકરણ નાંના કરે તેમજ બ્રાહ્મણોનું અનુકરણ બાકી સમાજે કરી પોતાના જીવનના પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરી લેવી જોઈએ. માટે જ બ્રાહ્મણોને શાસ્ત્રોએ વિરાટ પુરુષના મુખમાંથી ઉત્પત્તિ આપી દે. જેમ દીવાની જ્યોતને જોઈ સૂર્યનારાયણના વિરાટ સ્વરૂપની ઝાંખી થાય તેમજ સાત્ત્વિક બ્રાહ્મણોનું આચરણ સ્વયં તે વિરાટ પુરુષના અનેક ગુણોને દર્શાવે છે ને તે બ્રાહ્મણમાં જે કાંઈ સદ્‌ગુણ મૂકેલા છે તે સઘળા તે અનંત વિશાળ પરમાત્મામાં અનંત ગણા પ્રમાણમાં હોય જ છે. એવું શાસ્ત્રકથન છે.

પરંતુ તે (વેદકાળનાં) સમયના ઋષિઓ પણ જાણતા હતા કે કળિયુગમાં મનુષ્ય અનેકવિધ આપત્તિ સાથે જ જન્મ લેશે. જે ષડ્‌રિપુ તેઓએ કહ્યાં તે સઘળાં કળિયુગના માનવીને સહજ જ નડવાના છે કારણ તે યુગનો પ્રભાવ છે. માટે જ જનસમાજના કલ્યાણ માટે ને બ્રાહ્મણોનાં બ્રહ્મત્વને જાળવી રાખવા માટે વિવિધ સંસ્કારોનો ઉલ્લેખ આપણા શાસ્ત્રોએ કહ્યો છે. વેદકાળમાં તે સંસ્કારો જીવનના વિવિધ પ્રસંગો-વયના-આયુષ્યના ચોક્કસ સમયને સૂચિત કરવા ને વેદાદિ ગ્રંથોની અધ્યયનની આજ્ઞા લેવા કરવાાં આવતાં હતાં. આજના સમયમાં તે સંસ્કારો ખરેખર મનુષ્યજીવનની ઉન્નતિના સ્તંભ બન્યા છે. તે સંસ્કારોના હોવાથી મનુષ્ય પોતાના કર્તવ્યને બજાવવા સજ્જ બને છે ને તે કર્તવ્યનું પાલન સતત તેને યાદ આવ્યા કરે છે.

૧૬ સંસ્કારોમાંથી ૧૫ સંસ્કાર મનુષ્ય ગર્ભથી જીવન પર્યન્ત પામે છે ને અંતિમ સંસ્કાર મરણોપરાન્ત પામી પોતાની ઊર્ધ્વની યાત્રા આરંભે છે. આ સઘળા સંસ્કારો મનુષ્યને પોતાનાં ઋણોની યાદ અપાવતા રહે છે :

(૧) સર્વ પ્રથમ ઈશ્વરનું ઋણ કે મનુષ્યદેહ આપ્યો ને સચેત આ પૃથ્વીપટે ઉતાર્યા.

(૨) ત્યારબાદ માતા-પિતાનું ઋણ કે નાનાથી મોટા કરી ગુરુ પાસે શિક્ષા લેવા સજ્જ કર્યા.

(૩) સામાજિક ઋણ

(૪) ગુરુનું ઋણ

શ્રી સદ્‌ગુરુનું ઋણ એ બાકી સમસ્ત ઋણો કરતાં વધારે છે કારણ શ્રી સદ્‌ગુરુ જ ખરેખર માનવને માનવમૂલ્યો ધરનાર છે. આમ, આ બધા જ સંસ્કારો પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે ને પોતે અનેક બોધપાઠ સહિત મનુષ્યને જગાડવાનું કામ કરતાં રહે છે.

ને શ્રી સ્વર્ગારોહણ ખરેખર પૂ. ગુરુદેવ પ્રભુના પગલાંથી ને પૂજ્ય 'મા'ની સંનિધિથી તો પ્રસન્ન-તૃપ્ત બન્યું જ છે પરંતુ આ ભૂમિ-આવા સાચા સંસ્કારોની વિધિથી-મંત્રથી-સમજણથી પણ અત્યંત પ્રસન્ન બની છે.

સ્વર્ગારોહણની ધરતીના આ ઉદ્‌ગાર જ્ઞાનમય ને બોધમય છે. જ્યાં-જ્યાં પરમ શક્તિનાં સ્પંદનો રેલાય ત્યાં સતત જ્ઞાનની ગંગાજીનો પ્રવાહ વહેતો હોય છે. સ્વર્ગારોહણની આ ભૂમિનાં ઉદ્‌ગારોના શબ્દો જીવનમંત્ર છે. સ્વયં પૂજ્ય 'મા'ના સાન્નિધ્ય-સત્સંગનાં નીચોડ છે.

આ શ્રીધામ સ્વર્ગારોહણની ભૂમિના શબ્દોને કલમ આપતાં આ સ્વર્ગોરોહણની રજકણ સમું આપનું બાળક રથી અત્યંત આનંદ પામે છે અને આપના સતત સાન્નિધ્યને પ્રાર્થનામાં માગી લે છે. આપ મારી સાથે રહેજો અને મને આપની પાસે રાખજો. બાળરથીના પ્રણામ.

**–શ્રીરથી પુરોહિત**

# ॥ અવિસ્મરણીય જનોઈ મહોત્સવ ॥

(‘આ સાંપ્રત પર્વે તો અતીતના પર્વોના તાર રણઝણતા કરી દીધા’)

“સ્વર્ગારોહણના આંગણે રે ઉત્સવ અપાર છે.”

જીવનમાં ઉત્સવો તો ઘણા ઉજવાય છે. પરંતુ સાત્ત્વિક ઉત્સવો મહોત્સવ થઈને અવિસ્મરણીય થઈ જાય તેવા બહુ ઓછા હોય છે. તેવો જ એક મહોત્સવ પૂ.‘મા’ પ્રભુના કૃપા આશીર્વાદથી સ્વર્ગારોહણની પુણ્યભૂમિ પર પૂ.‘મા’ પ્રભુની સંનિધિમાં તા.૧૫ અને ૧૬ ફેબ્રુ. ૨૦૨૫માં પાંચ વર્ષથી તેર વર્ષના નવ બટુકોના યજ્ઞોપવીત સંસ્કારમાં કાર્યક્રમનો છે.

પ્રસંગોચિત સ્વર્ગારોહણમાં પ્રવેશતાં જ સુંદર ફૂલોથી મઢેલો સુશોભિત મંડપ અને પ.પૂ.પ્રભુને બિરાજિત કરીને તૈયાર કરેલી નવ ચોકીઓ પૂજન માટે તૈયાર થયેલી જોઈ મન પુલકિત થઈ જાય છે.

પ.પૂ.‘મા’ની અથાગ મહેનત અને સ્વર્ગારોહણના સેવકવૃંદ અને બિલ્લા પહેરી સેવામાં હાજર રહેલા સ્વયંસેવકોની સેવા અને મહેનતનું સુંદર પરિણામ સૌને નમાવી ગયું.

તા.૧૫ મી એ સવારના નિત્ય પ્રાર્થના અને પ્રણામની બેઠક પૂરી થઈ અને બટુકોનું સત્કર્મ શરૂ થયું તેમાં લાભાર્થીઓને તેમની જરૂરિયાત મુજબ વિવિધ વસ્તુઓ આપવામાં આવી અને બાળકોને માતાપિતા સાથે અંબાજી માતાનાં દર્શને મોકલ્યાં.

કુર્તા-ધોતીમાં સજ્જ બટુકો પ.પૂ.ગુરુદેવ પ્રભુના સ્વરૂપને મંડપમાં લાવવા જય જયકાર કરતાં પ.પૂ.‘મા’ના આવાસે પહોંચી ગયા. પ.પૂ.‘મા’એ દરેક બટુકને રક્ષમામ્‌નો ખેસ, ચૉકલેટનો હાર અને દરેકના માથાના માપના ત્રિરંગા સાફા

પહેરાવ્યા. બાળકોનો ઉત્સાહ અને હર્ષ સમાતો ન હતો. સૌ બુલંદ અવાજે પ.પૂ.'મા' પ્રભુનો જયજયકાર કરી પ.પૂ.'મા' સાથે પ.પૂ.ગુરુદેવ પ્રભુનાં સ્વરૂપને કાળજીપૂર્વક નીચે લાવે છે. પ.પૂ.ગુરુદેવ પ્રભુના સ્વરૂપને કુટિયા સુધી સંકીર્તન કરતા લઈ જઈ પ્રભુને મંડપમાં સ્થાપિત કરે છે. બટુકોની માતાઓ મહેંદીરચ્યા હાથે સુંદર શણગાર સજી અને પિતાઓ પ.પૂ.'મા'એ આપેલા ધોતીજોટાને ધારણ કરી પ.પૂ.'મા' પ્રભુનાં કમલાસન પર બિરાજેલાં સ્વરૂપોને જયઘોષ કરતાં હર્ષોલ્લાસ સાથે મંડપમાં લાવી દરેકની ચોકી પર પ.પૂ.'મા' પ્રભુને સ્થાપિત કરે છે. શ્રી સ્નેહલભાઈ દરેકને સમજણ પડે તેવી રીતે હિન્દી અને ગુજરાતીમાં યજ્ઞોપવીત સંસ્કારની વિધિ અને મહત્ત્વ સમજાવતાં ગુરુપૂજન, ગણેશપૂજન, ગ્રહશાંતિ કરાવે છે. પ.પૂ.'મા'-પ્રભુનો પ્રેમ અને કૃપા બધી જ વિધિમાં સ્ટેજ પર જ બિરાજિને સૌને દર્શનસુખ ને કૃપા આશીર્વાદ વરસાવી સંનિધિ ધરે છે.

સ્વર્ગારોહણની સામેના પ્લૉટમાં સ્વાદિષ્ટ વિવિધ વાનગીઓના થાળ શ્રી તારકભાઈ પીરસીને સૌને તૃપ્ત કરી રહ્યા છે. પીઠીની વિધિમાં પણ બટુકોના પરિજનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. અને પ.પૂ.'મા'એ પણ બટુકો પર ચૉકલેટનો વરસાદ કરી ''ચૉકલેટ લૂંટ''ની મઝા કરાવી.

તા.૧૬મી સવારે બટુકોની મુંડનવિધિ થઈ. એક પણ બટુકે જરાપણ આનાકાની ન કરી કે રુદન પણ ન કર્યું. પ્રેમથી મુંડન કરાવી પ.પૂ.'મા' પ્રભુએ આપેલા પિતાંબરને પહેરી ભિક્ષાની લાકડી લઈ યજ્ઞોપવીત સંસ્કાર માટે માતા પિતા સાથે તૈયાર થઈ ગયા. ને વિધિપૂર્વક દ્વિજ બની યજ્ઞોપવીત સંસ્કાર પૂર્ણ કર્યા.

સંસ્કાર પૂર્ણ થતાં જ પ.પૂ.'મા'એ સ્વહસ્તે દરેક બટુકના મસ્તકે ચંદનનો લેપ કરી તેમને ઠંડક ધરી. પ.પૂ.'મા'એ દરેક બટુકને તેમના માપ પ્રમાણે તૈયાર કરાવેલા શેરવાની, ધોતી, સૂટ અને સુંદર સાફાની ભેટ આપી. આનંદથી દરેક બાળક રાજકુમારની જેમ તૈયાર થઈ બગીમાં બેસી ઢોલીના તાલે ઉમંગથી નાચતા, સંકીર્તન કરતા નગરયાત્રામાં સૌ સાધકો સાથે જોડાયા. પ.પૂ.'મા' પ્રભુએ બાળકો અને માતાપિતા પર ભેટોનો વરસાદ અને પૂજન માટે કાંસાના પૂજા પાત્રોનો સેટ આપી કૃતકૃત્ય કર્યા. બાળકોને ટ્રાવેલ બૅગ, ટ્રાવેલ બોટલ, હાઈજીન કીટ, ચૉકલેટો જેવી વિવિધ લગભગ ૪૦ થી વધુ ભેટો સાથે વિચારશુદ્ધિ માટે સદ્ગ્રંથોને નિયમિત પ્રણામ કરવા ૧૧ પ્રણામ બોલીને કરી શકે તેવી લેમીનેટેડ ભેટ આપી ધન્ય કરી દીધા. ભેટોની સાથે બૅગ ભરીને ચૉકલેટનો પ્રસાદ બાળકોની પ્રસન્નતામાં વધારો કરી ગઈ.

'મા' લક્ષ્મી અને 'મા' અન્નપૂર્ણાસ્વરૂપ 'મા' જ્યારે છૂટા હાથે આપે ત્યારે લેનારનો હાથ સંકોચાય પણ આપનાર 'મા ભગવતી'ને તો હજુ શું આપી દઉં તેવું જ લાગે. પ.પૂ.'મા'એ ફક્ત બાળકોને કે માતાપિતાને જ નહિ. આવનાર દરેક આમંત્રિતોને પોતાના સ્વહસ્તે વિદાયપ્રસાદ ધર્યો. સૌ પુલકિવ હૃદયે પ.પૂ.'મા' પ્રભુના ચરણે વંદી પોતાને બડભાગી માનતા હતા. સૌથી મોટી વાત કે આ મંગલ પ્રસંગની ઉજવણીમાં પ.પૂ.'મા' પ્રભુએ એક પણ પૈસાનું અનુદાન લીધું નથી. પ.પૂ.'મા' પ્રભુએ જ સમસ્ત પ્રસંગનો ભાર ઉપાડી લીધો. હે 'મા', અમે કેટલા સદ્ભાગી છીએ કે અમે આપના બાળકો આપના શ્રી અંકે રહી આપના પ્રેમ અને કૃપા પામીએ છીએ !

આવો જ એક મંગલ, અદ્‌ભુત અને અવિસ્મરણીય પ્રસંગ તા.૧૩ ડિસે. ૧૯૯૦માં જાની પરિવારમાં ઉજવાયો હતો. પરિવારના મોભી પૂ.જીજી (સરસ્વતીબેન)ની સાત્ત્વિક ઇચ્છા હતી કે તેમના પૌત્ર જાગ્રતનું નામકરણ પ.પૂ.ગુરુદેવ પ્રભુના અનુગ્રહે થયેલું તો તેના યજ્ઞોપવીત સંસ્કાર પણ પ.પૂ.'મા'ની હાજરીમાં જ થાય. પ.પૂ.'મા'એ પંડિતજી પાસે જનોઈ માટેનાં શુભ મુહૂર્ત કઢાવ્યાં. તેમા ૧૩ મી ડિસે. એક તારીખ હતી. મારાથી સહજ જ બોલાઈ ગયું કે "૧૩ ડિસે. તો મારો જન્મદિવસ છે." સ્નેહાળ પ.પૂ.'મા'એ પંડિતજીને કહ્યું. પંડિત મૂકો તમારું ટીપણું બાજુ પર અને ૧૩ મી ડિસે. નક્કી કરી દો. પરિવારમાં અનેરો આનંદ છવાઈ ગયો. સૌ સાથે મળીને ઉત્સવની તૈયારીમાં લાગી ગયા. કુશળ વ્યવસ્થાપકની સૂઝવાળા શ્રી રાજુભાઈએ આખા પ્રસંગનો દોર સંભાળી લીધો.

અમે ત્યારે મુંબઈમાં અંધેરીમાં રહેતા હતાં. પ.પૂ.'મા'– પ્રભુ પણ તે સમયે મુંબઈમાં બિરાજતાં હતાં. પૂ.જીજી (સરસ્વતી બેન) અને પૂ.કાકા (નારાયણભાઈ) રોજ અંધેરીથી બોરીવલી પ.પૂ.'મા'નાં દર્શને જતાં હતાં. તો અનુગ્રહિત પ.પૂ.'મા'એ અનુકંપા દર્શાવી પરિવાર પર કૃપા કરીને કહ્યું કે "તમે આ ઉંમરે રોજ અહીં આવો છો તેના કરતાં 'મા' જ ત્યાં રહેવા આવી જાય તો ?" સાંભળતાં જ ચરણો વગર ઘૂંઘરુંએ નર્તન કરી ઊઠ્યા. પ.પૂ.'મા'ની કેવી કૃપા કે પ.પૂ.'મા' સામેથી ત્રણ દિવસ અમારી સાથે રહેવા પધાર્યા. ને પ્રસંગ ને મહોત્સવ કરી દીધો. આ દિવ્ય ઘટના પાછળ પૂ.કાકા જીજીની પ.પૂ.'મા' પ્રભુ પરની શ્રદ્ધા, પ્રેમ અને અતૂટ વિશ્વાસ અને તેમની પુણ્યાઈ જ ભાગ ભજવી ગઈ. અમારી તો કોઈ એવી હેસિયત જ ન હતી.

યજ્ઞોપવીતના કાર્યક્રમમાં ફક્ત મુંબઈના સાધકો કે સગા

સ્નેહીઓ જ નહિ આપણા પરદેશના સાધકો પણ હાજર રહી પરિવારના પ્રસંગને દિપાવી શક્યા. પ્રસિદ્ધ રામાયણ સીરીયલના 'લંકેશ' શ્રી અરવિંદ ત્રિવેદી પણ પધારીને પ.પૂ.'મા' પ્રભુનાં દર્શન પામી શક્યા.

શ્રી પંડિતજીના હાથે ગુરુપૂજન ગ્રહશાંતિ ને યજ્ઞોપવીત સંસ્કારની વિધિ સંપૂર્ણ થઈ. વિધિ પૂર્ણ થવા પછી જ્યારે જાગ્રતે 'મા' પાસે "મા મને ભિક્ષા આપો" કહી ઝોળી ફેલાવી તો પ.પૂ.'મા'એ ભીક્ષામાં આપણા મહાન ગ્રંથ 'પ્રકાશનાં પંથે' અને સુંદર નાનકડા કોતરણીવાળા મંદિરની ભિક્ષા ધરી. સાથે તેના જીવનની પહેલી સાઈકલની ભેટ પણ પ.પૂ.'મા'ના શ્રીહસ્તે તેને મળી.

શ્રી પંડિતજીના હસ્તે બધી જ યજ્ઞોપવીતને લગતી વિધિઓ થઈ ગઈ. પરંતુ પ.પૂ.'મા'એ એક વિશેષ પ્રણાલીનું પણ દર્શન કરાવ્યું. 'માતૃદેવો ભવઃ' 'પિતૃદેવો ભવઃ' ફક્ત બોલવાનાં સૂત્રો ન રહેતાં પ.પૂ.'મા'એ શ્રી પંડિતજીનાં માર્ગદર્શન હેઠળ શાસ્ત્રોક્ત વિધિથી પૂ.કાકા-જીજીનું "માતૃપિતૃ પૂજન" પણ તેમને દેવસ્થાને બેસાડી તેમનાં બાળકો હસ્તે કરાવ્યું. "ન ભૂતો ન ભવિષ્યતિ" ઈતિહાસમાં ન લખાયેલી ઘટના સાકાર થઈ. આબાલ સૌમાં આ વિશેષ પૂજનની ચર્ચા થઈ. દરેકને કરવા યોગ્ય લાગી. હે મા ! આવો પ્રેમાળ પરિવાર આપવા માટે આપનો ખૂબ ખૂબ આભાર. આપની પરિવાર પર કેવી કૃપા કે અમને વિશેષ બનાવી દીધાં !

હે મા ! આપનાં ચરણે એક જ અભ્યર્થના કે સદા આપનાં શ્રીચરણે જ રાખજો. અમારી સર્વ ક્ષતિઓને, ભૂલોને માફ કરી આપનાં શ્રીઅંકે ઠારજો.

—શ્રીપ્રગતિ જાની

## ॥ ત્રણ પ્રતિભાવંત નારીરત્નો ॥

### ॥ અબલા બોઝ ॥

(જ.૮ ઑગસ્ટ, ૧૮૬૫, બારિસાલ, પૂર્વ બંગાળ; અ.૨૫ એપ્રિલ, ૧૯૫૧, કૉલકત્તા સ્ત્રી–સશક્તિકરણનાં આજીવન ભેખધારી.)

ભારતના વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝની સફળતાનું રહસ્ય સખત મહેનત માટેની ધગશ પૂરી પાડનાર તેમનાં ધર્મપત્ની અબલા બોઝ હતાં. આજે માત્ર તેમનાં ધર્મપત્ની તરીકે લોકો તેમને યાદ કરતા નથી, પરંતુ સામાજિક પરિવર્તન લાવનાર, સ્ત્રીઓના હક્ક માટે લડનાર અને બંગાળમાં કન્યાકેળવણી માટે સતત કાર્યશીલ રહેનાર શિક્ષણવિદ સન્નારી તરીકે યાદ કરે છે.

અબલા બોઝે એકલા હાથે અને પછી અન્ય લોકો સાથે મળીને સ્ત્રીઓ માટેની શિક્ષણસંસ્થાઓ શરૂ કરી હતી. કૃષ્ણપ્રસાદ બસકના સહકારથી તેમણે ‘મુરલીધર ગર્લ્સ કૉલેજ’ શરૂ કરી હતી. આ ઉપરાંત તેમણે ભવાનીપુર વિસ્તારમાં પણ બેલતાણા કન્યાશાળા શરૂ કરી હતી. અબલા બોઝની કન્યાકેળવણી પ્રત્યેની લાગણી એટલી તો પ્રબળ હતી કે તેમણે પોતાના જીવનકાળ દરમિયાન નારી શિક્ષણ સમિતિના નેજા હેઠળ ૮૮ પ્રાથમિક શાળા અને ૧૪ પ્રૌઢશિક્ષણ કેન્દ્રોની સ્થાપના બ્રિટિશ આધિપત્ય ધરાવનાર બંગાળમાં કરી હતી.

આઝાદી મળ્યા પછી અબલા બોઝે તેમનું ધ્યાન આર્થિક રીતે પછાત અને પુનર્વસવાટ માટે આવેલી કન્યાઓ અને સ્ત્રીઓ તરફ વધારે કેન્દ્રિત કર્યું.

અબલા બોઝનો જન્મ ૮ ઑગસ્ટ, ૧૮૬૫ના રોજ કીર્તનખોલ નદી પાસેના ગામ બારિસાલમાં થયો હતો. આ સ્થળ આજે બાંગ્લાદેશમાં દક્ષિણના મધ્ય ભાગમાં આવેલું છે. તેમના પિતાનું નામ દુર્ગામોહન દાસ અને માતાનું નામ બ્રહ્મમોયી દેવી હતું.

ઢાકાના તેલીરબાગ વિસ્તારમાં દાસ કુટુંબ પ્રતિષ્ઠિત ગણાતું હતું.

તેમની માતા બ્રહ્મમોયી દેવીને પણ સામાજિક દુર્વ્યવહારનો ભોગ બનતી વિધવાઓ પ્રત્યે અપાર સહાનુભૂતિ હતી. આથી તેઓ તેમને શિક્ષણ અને આશરો પણ પૂરો પાડવાનું કાર્ય કરતાં હતાં.

સ્ત્રી-સશક્તીકરણના વાતાવરણ વચ્ચે અબલાનો ઉછેર થયો હતો. તેમના ભાઈ સતીશ રંજનદાસ અને બહેન સરલા. સતીશ રંજન દાસ પછીથી બંગાળના ઍડ્વોકેટ જનરલ બન્યા હતા. તેમના પિતરાઈ ભાઈઓમાં દેશબંધુ ચિત્તરંજન દાસ અને સુધીર રંજન દાસ પણ જાણીતા છે.

એ સમયે સ્ત્રીઓ માટે શિક્ષણ જરૂરી ગણવામાં આવતું નહોતું. અબલા જ્યારે પાંચ વર્ષનાં હતાં, ત્યારે વિધવા પુનઃલગ્ન કાર્યમાં સાથ આપવા માટે તેમના કુટુંબને જ્ઞાતિમાંથી બહાર મૂકવામાં આવ્યું હતું. પાંચ વર્ષ પછી ૧૮૭૫માં, અબલા બોઝ જ્યારે દસ વર્ષનાં હતાં, ત્યારે તેમની માતાનું અવસાન થયું. તેમના પિતા સ્ત્રીકેળવણીના પ્રખર હિમાયતી હતા. કૉલકાતા યુનિવર્સિટીમાં જે બે સ્ત્રીઓએ સૌપ્રથમ શિક્ષણ લીધું તેમાં તેમનાં બહેન સરલાનો પણ સમાવેશ થતો હતો.

બંગા મહિલા વિદ્યાલય અને બેઠુન શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી અબલા બોઝે તબીબી શિક્ષણ મેળવવા માટે ૧૮૮૧માં પ્રવેશપરીક્ષા આપી. આ પરીક્ષામાં તેઓ શિષ્યવૃત્તિ સાથે ઉત્તીર્ણ થયાં. તેમણે અભ્યાસ કર્યો. પરીક્ષા પણ આપી, પરંતુ તબિયત બગડતાં પાછાં આવી ગયાં.

જગદીશચંદ્ર બોઝ સાથે ૨૩ વર્ષની ઉંમરે તેમનું લગ્ન થયું. તે સમયે જગદીશચંદ્ર રેડિયો તરંગોના શોધક પિતામહ તરીકે જાણીતા હતા. ત્રણ દાયકા સુધી ૧૮૯૬ થી ૧૯૩૩ સુધી જગદીશચંદ્ર બોઝ સાથે યુરોપના દેશોની અનેક વખત તેમણે મુલાકાત લીધી. એ સમયે ત્યાંની શાળાઓની મુલાકાત પણ તેઓ લેતાં. વિદેશમાં જુદાં જુદાં સ્થળોએ સ્ત્રીઓનાં શિક્ષણ માટે કેવાં સ્વરૂપ છે તેનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. શિક્ષણની આધુનિક પદ્ધતિઓ જાણી, સમજી

ભારતમાં તેઓ તેનો અમલ કરતાં. બ્રહ્મો બાલિકા શિક્ષાલયમાં મંત્રી તરીકે તેમની નિયુક્તિ થઈ હતી. ૧૯૧૦ થી શરૂ કરી ૨૬ વર્ષ સુધી તેઓ આ હોદ્દા ઉપર રહ્યાં હતાં.

તેમણે ૧૯૧૯માં શરૂ કરેલી નારી શિક્ષણ સમિતિની શાળાઓમાં શિક્ષણ સાથે સ્ત્રી-સશક્તિકરણ તો થતું જ હતું, પરંતુ શિક્ષણ સાથે શરીર સુદઢ કરતી કસરતો અને સ્વરક્ષણ અંગેની તાલીમ પણ આપવામાં આવતી હતી. તેમણે શાળામાં કન્યા શરમ-સંકોચ ન અનુભવે એ માટે પુરુષ પંડિતોની જગ્યાએ સ્ત્રી/ શિક્ષિકાઓની નિમણૂક કરવાનું શરૂ કર્યું હતું. આ સમયે શિક્ષિકાઓને માટે તાલીમશાળા અને તાલીમવર્ગોનું આયોજન થવું જોઈએ તે ખ્યાલ તેમને આવ્યો હતો. અંગ્રેજોના સમય દરમિયાન ભારતમાં અખંડ બંગાળમાં પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકો માટેની તાલીમશાળા સૌથી પહેલાં તેમણે શરૂ કરી હતી.

એ સમયે તેમને દુ:ખી, ત્યજાયેલી અને વિધવા સ્ત્રીઓને માટે સમાજમાં ચોક્કસ સ્થાન પ્રાપ્ત થઈ શકે એ માટે સંસ્થા શરૂ કરવાનો વિચાર આવ્યો. જેના પરિણામ સ્વરૂપે 'વિદ્યાસાગર બની ભવન' ૧૯૨૫માં શરૂ કરવામાં આવ્યું. આ સંસ્થામાં સ્ત્રીઓને શિક્ષણ આપવા ઉપરાંત વિધવાઓને માટે શિક્ષણના તાલીમવર્ગો પણ શરૂ કરવામાં આવ્યા. જેથી આ તાલીમ પામેલી સ્ત્રીઓ પગભર થવા માટે નારી શિક્ષણ સમિતિની શાળામાં જઈને શિક્ષણકાર્ય કરી શકે.

અવિવાહિત, વિવાહિત અને વિધવા સ્ત્રીઓ માટે નારીશક્તિની શાખાઓનો ફેલાવો વધતો જતો હતો. આથી વ્યાવસાયિક તાલીમ માટે મહિલા શિલ્પ ભવનનું આયોજન થયું. ૧૯૩૫માં આ યોજના કાર્યાન્વિત થતાં સ્ત્રીઓ માટે ઔદ્યોગિક સહકાર ઘર (Womens' Industrial Co-operative Home) કાર્ય કરતું થઈ ગયું. જેનો ઉપયોગ ૧૯૫૧ પછી બાંગ્લાદેશની શરણાર્થી સ્ત્રીઓ માટે આશરો આપવામાં પણ થયો.

જગદીશચંદ્ર બોઝના મૃત્યુ પછી સિસ્ટર નિવેદિતા પ્રૌઢશિક્ષણ કેન્દ્રને તેમણે એ સમયે દસ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. આ કેન્દ્રમાં ગ્રામીણ સ્ત્રીઓને માટે શિક્ષણના વર્ગો ઉપરાંત પ્રાથમિક સારવાર, ઘર બગીચા સંભાળ જેવી અનેક પ્રકારની તાલીમ આપવામાં આવતી. ૨૫ એપ્રિલ, ૧૯૫૧ના રોજ ૮૭ વર્ષની ઉંમરે કૉલકાતામાં તેમનું અવસાન થયું. તેમના અવસાનના આગળના દિવસે તેમણે 'સાધના આશ્રમ' બંધાવીને બ્રહ્મોસમાજને અર્પણ કર્યો હતો.

**—કિશોર પંડ્યા**

✻

## ॥ અમલ અલ્લાના ॥

[જ.૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૭, મુંબઈ, મહારાષ્ટ્ર) જાણીતાં ભારતીય નાટ્યદિગ્દર્શક, નૅશનલ સ્કૂલ ઑવ્ ડ્રામાનાં પૂર્વઅધ્યક્ષા.]

અમલના પિતા ઈબ્રાહીમ અલકાઝી થિયેટરના જાણીતા દિગ્દર્શક અને નૅશનલ સ્કૂલ ઑવ્ ડ્રામાના પ્રથમ ડિરેક્ટર હતા. પિતા ઈબ્રાહીમ આરબ હતા જ્યારે માતા રોશન અલકાઝી ગુજરાતી ઈસ્માઇલ ખોજા જ્ઞાતિનાં હતાં. તેઓ પતિનાં બધાં જ નાટકની વેશભૂષા તૈયાર કરતાં. આમ અમલનું બાળપણ રંગભૂમિના વાતાવરણમાં પસાર થયું. તેમનો ઉછેર ચુસ્ત ગાંધીવાદી એવાં દાદીમા પાસે થયો. એમને ત્યાં રંગભૂમિના કલાકારો, લેખકો, દિગ્દર્શક વગેરેની અવરજવર રહેતી. રંગભૂમિના જાણીતા દિગ્દર્શક એલૅક પદમસી તેમના મામા થાય.

શાળાનું શિક્ષણ પૂરું કરી કૉલેજને અલવિદા કરી અમલે નૅશનલ સ્કૂલ ઑવ્ ડ્રામામાં પ્રવેશ લીધો. પિતાની દોરવણી હેઠળ ૧૯૬૮માં દિગ્દર્શનના મુખ્ય વિષય સાથે સ્નાતક થયાં. અહીં તેમને શ્રેષ્ઠ દિગ્દર્શકનો ગિરીશ ઘોષ પુરસ્કાર તથા ઉત્તમ સર્વાંગી વિદ્યાર્થીને અપાતો ભારત પુરસ્કાર મળ્યો. ત્યારબાદ ૧૯૬૯માં

જર્મન નાટ્યકાર બર્ટલૉટ બ્રેખ્તનો અભ્યાસ કરવા સ્કૉલરશિપ મેળવી. બે વર્ષ માટે જર્મનીમાં જુદા જુદા રંગમંચોનો અભ્યાસ કર્યો. અભ્યાસ માટે કેટલોક સમય જાપાન પણ ગયાં હતાં.

જર્મનીથી પરત ફર્યા બાદ તેમણે શરૂઆતમાં ફ્રિત્ઝ બેનેવિત્ઝ સાથે 'તીન ટકે કા સ્વાંગ' નાટકને સહદિગ્દર્શિત કર્યું. ૧૯૭૨ થી ૧૯૭૫ સુધી તેમણે મુંબઈમાં રંગભૂમિની કાર્યશિબિર કરી. ત્યારબાદ દિલ્હી રહેવા ગયાં અને અહીં 'સ્ટુડિયો ૧' શરૂ કર્યો. ૧૯૮૫માં 'થિયેટર ઍન્ડ ટેલિવિઝન ઍસોસિયેટ્સ'ની સ્થાપના કરી. રિચર્ડ એટનબરો દિગ્દર્શિત 'ગાંધી' ફિલ્મ (૧૯૮૨)માં તેમને સેટડ્રેસરની કામગીરી કરવાનો મોકો મળ્યો. જ્યારે 'સારાંશ' ફિલ્મ (૧૯૮૪)માં તેમણે ડ્રેસ ડિઝાઈનર તરીકે સેવાઓ આપી. ૧૯૯૯માં દિલ્હીમાં સૌપ્રથમ 'ભારત રંગ મહોત્સવ' યોજવામાં પણ તેમનો મહત્ત્વનો ફાળો હતો. ૨૦૦૮માં દસ 'ઈન્ટરનેશનલ ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ડેવલપમેન્ટ'માં ચાર વર્ષ માટે નિમણૂક કરવામાં આવી. અહીં તેઓએ 'યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ' દ્વારા યોજાતી ઘણી કૃષિલક્ષી યોજનાઓને ટેકો આપેલો.

૨૦૦૨માં અરથરિન કઝીન 'અમેરિકાઝ સેકન્ડ હાર્વેસ્ટ'ના બોર્ડમાં જોડાયાં અને ૨૦૦૪માં તેઓ તેના એક્ઝિક્યુટિવ ઉપપ્રમુખ અને ચીફ ઑપરેટિંગ ઑફિસર બન્યાં. ૧૯ જૂન, ૨૦૦૯માં કઝીનની નિમણૂક રોમ, ઈટાલીમાં 'ધ યુનાઈટેડ નૅશન્સ એજન્સીસ ફૉર ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર'ના અમેરિકાના રાજદૂત તરીકે કરવામાં આવી. ૧૭ ઑગસ્ટ, ૨૦૦૯માં તે માટેની શપથવિધિ કરવામાં આવી. હવે તેઓ 'ટ્રાઈ મિશન કૉમ્યુનિટી'નાં ચીફ તરીકે સેવા આપવા લાગ્યાં. જેમાં 'યુનાઈટેડ સ્ટેટ્સ મિશન ટુ ધ યુએન એજન્સી', 'યુનાઈટેડ સ્ટેટ્સ ઍમ્બેસૅડર ટુ ઈટાલી' અને 'યુનાઈટેડ સ્ટેટ્સ ઍમ્બેસૅડર ટુ ધ હૉલી સી'નો સમાવેશ થાય છે.

તેમના રોમના કાર્યકાળ દરમિયાન ૨૦૧૦માં હૈતીમાં આવેલા ભૂકંપના કારણે થયેલા વિનાશના વખતે તેમણે 'પૉર્ટ-ઓ-પ્રિન્સ'માં ખોરાક-વિતરણ ખૂબ કુશળતાપૂર્વક નિભાવ્યું. જાન્યુઆરી, ૨૦૧૨માં યુ.એસ. સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ કઝીનની 'એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઑફ ધ યુ.એન.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' તરીકે નિમણૂક કરી. આ પદ પર તેઓ ૨૦૧૭ સુધી રહ્યાં.

તેમને તેમના સામાજિક કાર્ય બદલ 'ધ ઑર્ડર ઑફ લિંકન' સન્માન અર્પણ થયું છે.

**–રાજશ્રી મહાદેવિયા**

*

## ॥ અરુણા અસફઅલી ॥

(જ.૧૬ જુલાઈ, ૧૯૦૯, કાલ્કા, પંજાબ (અત્યારે હરિયાણા); અ.૨૯ જુલાઈ, ૧૯૯૬, દિલ્હી ભારતીય સ્વાતંત્ર્યસેનાની. ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારતરત્ન'થી સન્માનિત.)

અરુણાનો જન્મ બંગાળી બ્રાહ્મણ પરિવારમાં પિતા ઉપેન્દ્રનાથ ગાંગુલીને ત્યાં થયો હતો. પિતા બ્રહ્મોસમાજના અગ્રણી અને પત્રકાર હતા. ભણવામાં બુદ્ધિમત્તા અને ચાતુર્યમાં તેઓ અવ્વલ નંબરે હતાં. શાળાનું ભણતર નૈનીતાલમાં લીધું, નૈનીતાલમાં તેમના પિતાની હોટલ હતી. લાહોર તથા નૈનીતાલમાં અભ્યાસ પૂરો કરી કૉલકાતા ખાતે ગોખલે મેમોરિયલ કૉલેજમાં અધ્યાપિકા તરીકે કામ કરવાની સાથે રાજકીય ચળવળોમાં ભાગ લેવા માંડ્યાં. આ દરમિયાન તેઓ અલાહાબાદમાં મૂળ દિલ્હીના ખૂબ જ જાણીતા વકીલ, કવિ અને કૉંગ્રેસના અગ્રણી એવા અસફઅલીના પરિચયમાં આવ્યાં અને તેમની સાથે ૧૯૨૮માં લગ્ન કર્યાં.

૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહ વેળાએ નાગરિક અસહકાર ચળવળ દરમિયાન તેઓની ધરપકડ થઈ અને જેલમાં મોકલવામાં આવ્યાં. જેલમાં તેઓએ જોયું કે કેદીઓ સબડતા હતા, તેમની પર જુલમો થતા હતા. પોતે શરીરે દૂબળાં હોવા છતાં આ જુલમો

દૂર કરવા માટે ભૂખ હડતાળ પર ઊતર્યાં. તેમને કાંઈ થાય તો દેશ ભડકે બળે તેમ હોવાથી અંગ્રેજોએ નાછૂટકે તેમની માગણીઓ સ્વીકારવી પડી, પરંતુ અંગ્રેજોએ કપટ કરી અરુણાજીને અંબાલા જેલમાં ખસેડી કાળકોટડીની સજા ફરમાવી. જ્યારે ૧૯૩૧માં ગાંધી-ઇરવીન કરાર થયો, ત્યારે બધા કેદીઓને છોડી મૂક્યા પણ અરુણાજીને ન છોડ્યાં, ત્યારે બીજી મહિલા કેદીઓએ તેમને સાથ આપ્યો. તેઓએ અરુણાજીને છોડવામાં આવશે તો જ અમે જેલ છોડીશું એવી હઠ કરી. તેની સામે જેલના સત્તાવાળાઓને નમવું પડ્યું અને છેવટે અરુણાજીને પણ મુક્ત કરવાં પડ્યાં.

'ભારત છોડો'ની હાકલ પડી તે વખતે ૧૯૪૨ની ૯મી ઑગસ્ટના દિવસે મુંબઈના ગોવાલિયા ટૅંક મેદાનમાં ત્રિરંગાને સલામી આપવાનો કાર્યક્રમ નક્કી થયેલો અને તેથી સરકારે ગાંધીજી, અસફઅલી (અરુણાના પતિ) સહિત દેશના પ્રથમ હરોળના અગ્રણી નેતાઓની ધરપકડ કરી, ત્યારે બીજી હરોળના ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા નેતાઓએ આ કામ આગળ ધપાવવાનું નક્કી કરી લીધું. અરુણા અસફઅલી તેમાંનાં એક હતાં. તેમણે બહાદુરીપૂર્વક ગોવાલિયા ટૅંકના મેદાનમાં મુંબઈ ખાતે ત્રિરંગો ફરકાવી, સલામી આપી, અંગ્રેજોને ભારત છોડી જવાનો ખુલ્લો પડકાર આપ્યો. આથી તેમની ધરપકડ માટે વૉરંટ કાઢવામાં આવ્યું. તેમને લાગ્યું કે હવે ભૂગર્ભમાં જવાનો સમય આવી ગયો છે, આથી તેઓ સાડા ત્રણ વર્ષ ભૂગર્ભમાં રહ્યાં.

અરુણા અસફઅલી ક્રાંતિકારી હતાં, સરકારી તિજોરી લૂંટવી, સરકારી કામકાજમાં અસહકાર, ટ્રેનોના પાટા ઉખાડી નાખવા જેવી પ્રવૃત્તિઓ તેઓ કરતાં. આ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ રહે તે માટે પોલીસને થાપ આપવા તેઓ પોતાનું નામ, ઠેકાણું અને પહેરવેશ બદલતાં રહ્યાં.

પૂનાના આગાખાન મહેલમાં બાપુના આશીર્વાદ લેવા તેઓ પારસી બાનુનો વેશ લઈને ગયાં. બાપુની તબિયત જોઈ તે રડી પડ્યાં. બાપુએ તેઓને હિંસક પ્રવૃત્તિઓ છોડી દેવા અને સરકારને શરણે જવાની

સલાહ આપી. અરુણા અસફઅલીએ મહાત્મા ગાંધીજીની સલાહ માની નહિ, છતાં મહાત્મા ગાંધી તેને પોતાની દીકરી માનતા હતા.

પતિ અસફઅલીને જેલમાં મળવા જતાં, ત્યારે તે ક્યારેક વકીલનો વેશ કાઢતાં તો ક્યારેક બુરખો પહેરતાં. અંગ્રેજોએ તેમની સંપત્તિ પણ જપ્ત કરી લીધી છતાં પણ તેઓએ મચક આપી નહિ. છેવટે તેમની સામેનું વૉરંટ રદ કર્યું. ત્યારબાદ થોડા સમયમાં દેશ આઝાદ થયો.

૧૯૫૮ની સાલમાં તેઓ આઝાદ હિંદમાં દિલ્હી મ્યુનિસિપાલિટીનાં પ્રથમ મેયર બન્યાં. પ્રથમ મેયર તરીકે સફાઈ અને સ્વાસ્થ્યક્ષેત્રે સારી કામગીરી કરી. ૧૯૬૦ની સાલમાં મીડિયા પબ્લિશિંગની સ્થાપના કરી. રામમોહન લોહિયા સાથે 'ઇન્કિલાબ' નામની કૉંગ્રેસ પત્રિકાનાં સંપાદક બન્યાં.

૧૯૬૪માં નહેરુના નિધન બાદ તેઓ કૉંગ્રેસમાં જોડાયાં અને વર્ષો સુધી ઇન્દિરાજીનાં પ્રેરણાસ્રોત રહ્યાં, પરંતુ કોઈ હોદ્દો ગ્રહણ ન કર્યો. પત્રકારત્વનું કામ કર્યું અને દેશ માટે અપ્રતિમ શૌર્ય દાખવ્યું. તેઓને ૧૯૬૪નું લેનિન શાંતિ પારિતોષિક, રાષ્ટ્રીય ઐક્યભાવ માટે ઇંદિરા ગાંધી પુરસ્કાર, આંતરરાષ્ટ્રીય સમજૂતિ માટે નહેરુ પુરસ્કાર, ઇંદિરા ગાંધી સુવર્ણપદ્મ, ૧૯૯૨માં પદ્મવિભૂષણ વગેરે અનેક સન્માન અર્પણ થયાં હતાં. આ ઉપરાંત ૧૯૯૭માં તેમને મરણોત્તર 'ભારતરત્ન' પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યાં હતાં.

૧૯૯૮ની સાલમાં તેમની સ્મૃતિમાં ટપાલટિકિટ બહાર પાડવામાં આવી હતી. નવી દિલ્હીમાં તેમના નામનો માર્ગ 'અરુણા અસફઅલી માર્ગ' કરી, તેમને માન આપવામાં આવ્યું છે. 'ઑલ ઇન્ડિયા માઇનોરિટી ફંડ' તેમના માનમાં 'ડૉ. અરુણા અસફઅલી' સદ્ભાવના ઍવોર્ડ દર વર્ષે આપે છે.

**—અંજના ભગવતી**

**(સૌજન્ય : નારીકોશ)**

**[ગુ.વિ.ટ્ર]**

## ॥ પિંજર પ્રભુએ પ્રેમે ઉઘાડયું ॥

પિંજર પ્રભુએ પ્રેમે ઉઘાડયું
ઉજ્જવળ ભાવિ સંતોએ ભાખ્યું, ઊડવાનું સમજાવ્યું.
પિંજર પ્રભુએ ...
બાળને અંકથી નીચે ઉતાર્યું, ચાલતાં એને શીખવાનું
હળવે હળવે પિંજર છોડયું, આકાશે એ તો ઊડયું.
પિંજર પ્રભુએ ...
ઊડતાં ઊડતાં સ્મરણે ચડતું, પહાડમાં પાછું ઊડતું.
વારે વારે પિંજર ગમતું, દુઃખ દર્દ એ સહેતું.
પિંજર પ્રભુએ ...
સંતહૃદય સ્મરણ છોડાવા મથતું, પ્રાર્થતું ને કરગરતું
ને યુકિત કરી ઊડાડવાનું મા સર્વેશ્વરીને સોંપ્યું.
પિંજર પ્રભુએ ...
વારે વારે છટકવાનું, યાત્રાનું બહાનું બતાવ્યું.
હેત ધરીને હૈયું ધરવાનું, મા સર્વેશ્વરીને ફાવ્યું.
પિંજર પ્રભુએ ...

- પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

કોઈયે કારણે ને કોઈયે સંજોગોમાં
તમારા જીવનધ્યેયની સંસ્મૃતિને
છોડી ન દો.

- શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68,
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-